SHREE SWAMINARAYAN

श्री स्वामिनारायण

Rs. 5/-


September '06

मूर्ति प्रतिष्ठा

BOSTON




GATWICK



STANMORE

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



જયપુર મંદિરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે મહંત સ્વામી.




ગેટવિક આપણા મંદિરમાં યજ્ઞ વિધિ કરતા પ.પૂ. મહારાજશ્રી.




જયપુર મંદિરમાં પાટોત્સવના યજમાન પ.ભ.મનુભાઈ અને ગોવિંદ સ્વામી આદિને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી.



કોલોનિયા આપણા મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો તેની તસવીર.



વિલ્સડનલેનમાં યુવા કેમ્પમાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી




ન્યૂજર્સી પ.પૂ. મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત યુવા કેમ્પ યોજાયો તે પ્રસંગે નવા મુમુક્ષુઓને ગુરૂમંત્ર વિધિ.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ | સપ્ટેમ્બર - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	સાચી સ્વતંત્રતા	૫
૪.	જનમંગલ સ્તોત્રનું હિન્દી સંસ્કરણ	૭
૫.	સાચા ગુરુ એજ આપણું જીવન દર્શન છે	૧૦
૬.	મા	૧૨
૭.	સત્સંગ સુરભિ : અવસર અજબ બના હૈ આજ	૧૩
૮.	સત્સંગ બાલવાટિકા (૧) મફતનું સોનું મોતનું કારણ (૨) તપ કરવાથી વિદ્યા મળે ? (૩) દૃઢ આશરાનું બળ	૧૫
૯.	પ્રશ્નપેટી	૧૮
૧૦.	ભક્તિસુધા (૧) ભગવાનમાં દ્રઢ વિશ્વાસ (૨) ભગવાનને કેવા જાણવા (૩) હરબાઈ - વાલબાઈ (૪) માળાનું મહત્વ	૧૯
૧૧.	'शतंजीवेम् शरदः'	૨૪
૧૨.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૬

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદ્દીયમ્

તંત્રીશ્રીની કલમે....

વર્ષાઋતુના આગમનની જેટલી આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતા તેટલા પ્રમાણમાં સમગ્ર ગુજરાતમાં વર્ષારાણીની સવારી અતિ વેગથી આવી. તેમાં કેટલાય ને સુખ તો કેટલાકને અતિ પીડા સહન કરવી પડી. સર્વત્ર જળ બંબાકાર પ્રવર્તાવી દીધો. જેથી પ્રભુને પ્રાર્થના થવા માંડી કે હવે તો ખમૈયા કરો. જુઓ તો ખરા આ જીવનો કેવો વિચિત્ર સ્વભાવ છે. પરમાત્મા આપે છે તોય દુઃખ અને નથી આપતા તોય દુઃખનો જ અનુભવ કરે છે. ખૂબ સંપત્તિ આપે તોય જીવ દુઃખી થાય છે. કારણ કે સંપત્તિ આવે એટલે પરિવાર આવે, સગા સંબંધી, પુત્ર-કલત્ર માલ મિલ્કત અને મોભો આવે એટલે તેમાં ગળાડૂબ એવો ખૂંતી જાય કે બહાર નીકળવાનું નામ જ ન લઈ શકે. વાસના આસક્તિ હું અને મારું ના બંધનમાંથી મુક્ત જ ન થાય અને વારંવાર જન્મ મૃત્યુના મહા કષ્ટને સામેથી જબરજસ્તીથી પકડીને વળગી પડે પછી શાસ્ત્રો અને સંત પુરુષો તેને છોડાવવાના અઢળક પ્રયત્નો કરે પણ છોડી ન શકે અને મહાદુઃખને ચોર્યાસીમાં ભટકતો ભોગવ્યા કરે છે. અને દુઃખી દુઃખી થઈ જાય છે. આ બધું ન મળ્યું હોય તો મેળવવાની લાયમાં ને લાયમાં વલખા મારી મારીને જીવન પર્યન્ત દુઃખ ભોગવ્યા કરે છે. અને દુર્લભ એવા મનુષ્ય દેહને વ્યર્થ ખોઈ નાખે છે. તેથી બચવા, દુઃખ કષ્ટની નિવૃત્તિ માટે સાંસારિક પદાર્થોમાંથી અને પંચ વિષયમાંથી ઈન્દ્રિય અંતઃકણની વૃત્તિને પાછી વાળીને આત્મ સ્વરૂપની દૃઢતા સાથે પરમેશ્વરના સ્વરૂપ સાથે જોડીને એકાંતિકી ભક્તિ સાધી લેવી એ જ ડાહ્યા સમજું મનુષ્ય માત્રનું પરમ કર્તવ્ય છે. અને તેમાં જીવથી જોડાઈ જઈએ તો જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ - ૨૦૦૬)

૨૯ જુલાઈ થી ૨૨ ઓગસ્ટ

લંડન (યુ.કે.)ના ગેટવિક I.S.S.O. ના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા. ત્યાં આપણા અન્ય મંદિરોમાં દર્શનાર્થે પધાર્યા. અને ત્યાંથી અમેરિકામાં કોલોનિયા I.S.S.O. આપણા શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પ્રથમ પાટોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થયો.

૧૪ ઓગસ્ટ થી ૨૧ ઓગસ્ટ

બોસ્ટન લોવેલ I.S.S.O. આપણા પુનઃ નવનિર્મિત શિખર બધ્ધ મંદિરમાં પોતાના સાનિધ્યમાં કથા પારાયણ, યજ્ઞ, મહાપૂજા, કળશ સ્થાપન અને તા. ૨૦-૮-૨૦૦૬ના રોજ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થઈ.

તા. ૨૨-૮-૨૦૦૬ના રોજ સ્વદેશ આગમન.

૨૩. કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શિવપૂજન - રુદ્રાભિષેક પ્રસંગે પધરામણી.

૨૭. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ગણપતિજીનું સ્થાપન-પૂજન આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૮. લાંબેશ્વરની પોળમાં શ્રીગણપતિનું પૂજન-અર્ચન આરતી પ્રસંગે પધરામણી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ

સમસ્ત સત્સંગ ને સહર્ષ આનંદ મંગળ સાથે જણાવવાનું જે, આપણા શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ આસો સુદ-૧૦ **વિજયા દશમી તા. ૨-૧૦-૨૦૦૬ સોમવાર**ના અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધામધુમથી સંપન્ન થશે. સૌ સંત-હરિભક્તોને લાભ લેવા રૂડું આમંત્રણ છે.

॥ श्री स्वामिनारायणाय नमः ॥

श्री नरनारायणकृपा लब्धजन्मनां स्वामिनारायण संप्रदायाचार्याणां १००८ श्री तेजेन्द्रप्रसाद हृदय श्री १००८ कोशलेन्द्रप्रसादजी महाराजानां शुभाशंसनात्मकमष्टकम्

मंगलाचरणम्

तार-हार-हीर द्युतिरुचिजित कोटि रतीश ।
सुर-नर-मुनि सेवित चरण, जय द्वारिकाधीश ॥

चतुर्थ चरण गुप्तछन्द

भारतं शोभितं नौमि युक्ति प्रदम्
भारते भारती नौमिमूर्ति प्रभम्
शाश्वतंयातियत्रस्थभूतिश्चिरं

गुरु वंदना

रत्नोष्णीषधरंसौम्यं - विद्वद्भिः परिपूजितम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणम् ॥१॥
रोलिकां वल्लभप्रेषणं - मस्तके धारणप्रियम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणण् ॥२॥
तुलसी मालिनंनित्यं - वैष्णवानां शिरोमणिम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणण् ॥३॥
विशिष्टाद्वैतसिद्धान्त - तत्वानां सुविवेचकम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणण् ॥४॥
लक्ष्मीराधायुतं कृष्ण - चिन्तने सर्वदा रतम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणण् ॥५॥
सौराष्ट्रे गुर्जरे देशे विदेश धर्म वर्धकम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणण् ॥६॥
व्रजेवृन्दावने कृष्ण जन्म भूमौ सदारतम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणण् ॥७॥
सरयू दर्शनोत्कंठाधरं विप्रकुलोद्भवम् ॥
स्वामिनारायणं वन्दे - छपिया ग्राम भूषणण् ॥८॥
मुंम्वय्यां रात्रिवासञ्च कृत्वादर्शनमद्भूतम् ॥
रचितं चाष्टकं प्रीत्या - वासुदेवेन शास्त्रिणा ॥९॥
वर्षे नेत्ररसाऽभ्रमक्षि वैक्रमे चैत्रकेऽसिते ॥
सप्तम्यां वुधवारेच स्वप्ने चाष्टकं कृतम् ॥१०॥
स्वामिनारायणाचार्य - श्री तेजेन्द्र वुधोत्तमैः ॥
प्रेरणाचपुनर्दत्ता रचितं तस्यचाष्टकम् ॥११॥

श्री १००८ श्री कोशलेन्द्र महाराजनां चाष्टकम् ॥

श्री तेजेन्द्रप्रसादानामात्मजंशास्त्र भूषणम् ॥१॥
कोशलेन्द्र महावीरं - भक्ति भावप्रपूरितम् ॥
स्वामिनारायणाचार्यं - गाद्यस्थंप्रणमामि वै ॥२॥
कौशलेन्द्र कृपा लब्ध - कौशलेन्द्र वुधोत्तमम् ॥
स्वामिनारायणाचार्यं - गाद्यस्थं प्रणमामि वै ॥३॥
कालूपुरामदाबाद - भूषणं जनता प्रियम् ॥
स्वामिनारायणाचार्यं - हृद्यस्थं प्रणमामि वै ॥४॥
धर्मकर्मरतं नित्यं - सच्चरित्रप्रकाशकम् ॥
स्वामिनारायणाचार्यं - हृद्यस्थं प्रणमामि वै ॥५॥
सम्प्रदायस्य रक्षायां - धर्माविष्ट महामतिम् ॥
स्वामिनारायण चार्यं - हृद्यस्थ प्रणमामि वै ॥६।
प्रसन्नवदनं शातं - दिव्यदेह प्रमायुतम् ॥
स्वामिनारायणाचार्यं - हृद्यस्थं प्रणमामि वै ॥७॥
भारते च विदेशे च - भक्तेषूत्साहवर्धकम् ॥
स्वामिनारायणाचार्यं - हृद्यस्थं प्रणमामि वै ॥८॥

पद्य

भरत मति वितारी ज्ञाति सेवाप्रकारी
चलत रमणकारी छपैयानामधारी
निज जन सुखकारी विज्ञ विद्याप्रभारी
निजगुणबलधारी भारतानन्दकारी
श्री कोशलेन्द्र चिरायुरस्तु

પૂ.પી. રત્ન વી. કૃ. ચતુર્વેદી એ ઉપરોક્ત શ્લોકોની સુંદર-અદ્‌ભૂત રચના કરીને ધર્મવંશી આચાર્ય પરિવાર પ્રત્યેની પોતાની અંતરની શુભ ભાવના વ્યક્ત કરી છે.

સાચી સ્વતંત્રતા

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (મહંતશ્રી, નારણઘાટ)

આપણો દેશ ૧૫૦ વરસ સુધી અંગ્રેજોના હાથમાં રહ્યો. ભારતે તેની ગુલામી યાતનાઓના મહાસાગરમાં પોતાની જીંદગીના દિવસો પસાર કર્યા. આરબો, પર્શિયનો, તુર્કો, મોગલો, અફઘાનો, હુણો, કુષણ જેવી વિલાયતી ફોજો એ ભારત પર આક્રમણો કરી નિષ્ઠુરતાથી વિનાશ નોતરી પોતાને જે જોઈતુ હતું તે લઈ ગયા ને ઉપરથી બક્ષિસમાં ગુલામીની જંજીરમાં લોકોને બાંધતા ગયા. ક્રૂરતાથી લોકોને માર્યા, મંદિરો તોડ્યા, મહેલો તોડ્યા, ધન સંપત્તિ લૂંટતાં ગયા. આવો ભયંકર ત્રાસ આપતા ગયા. ભારતને આ ગુલામીમાંથી મુક્ત કરવા ગાંધીજી, લાલાલજપતરાય, વીર ભગતસિંહ, લાલ, બાલ, પાલ, ગોપાલ કૃષ્ણ ગોખરે, સાવરકર જેવાની લડતથી લોકોમાં જાગૃતિ આવી. કલકતાના ગર્વનર પદે આરૂઢ થનાર લોર્ડ મેકીલેએ પોતાના પાર્લામેન્ટના પ્રવચનમાં કહેલું કે, જ્યાં સુધી ભારતને તેના જડ મૂળથી નહીં ઉખાડીએ ત્યાં સુધી તેને જીતી નહીં શકીએ. તેના જડમૂળ હતા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહાન નેતાઓની આગેવાની હેઠળ ચળવળ, સત્યાગ્રહની લડતથી ભારતે શાંતિનો શ્વાસ લીધો. આ થઈ દેશની આઝાદી.

પરંતુ આ આઝાદી પુરતી ન હોઈ વ્યવહારિક આઝાદી મેળવવા મથી રહેલો પથિક પોતાના રીતિ રિવાજ, અંધ શ્રધ્ધા, પ્રતિષ્ઠા, દંભ, દેખાદેખી થી લથબથ હતો. આ બધાથી સ્વતંત્ર થવા માટે તેને સત્સંગનો સહારો લેવો અનિવાર્ય બન્યો. વ્યવહારિક સ્વતંત્ર થયા પછી કે ઘરમાં સ્વતંત્ર થયા પછી પોતાના ઈન્દ્રિય અંતઃકરણ, મન, બુદ્ધિ, કામ, ક્રોધ, લોભ, આશા, તૃષ્ણા, અસુયા, માન જેવા ન દેખાય છતાં અનુભવાય તેવા દોષોથી જન્મોજન્મ પીડાતો, સબડતો લથબથતો હેરાન પરેશાન થતો હોય છે. તેમાંથી મુક્તિ માત્ર ભગવાન અને સત્તપુરુષ થકી જ સંભવે છે. ભગવાનને આ બધા અવગુણો જરાય પસંદ નથી. આ અહંમ મમત્વરૂપી દિવાલ એટલી જાડી થઈ ગયેલી છે કે તેની આરપાર કશું દેખાતું નથી. પંચ વિષય તો દમઘોષના દીકરા જેવા છે. તે પ્રભુ ભજવા જ ન દે, તે માટે પોતાના આચરણની પરીક્ષા કરતા રહેવું જોઈએ. અને તપાસવું જોઈએ કે મારું વર્તન પશુઓની સાથે સરખાવવા જેવું છે કે સજ્જનો સાથે !

ભગવાન શ્રીકૃષ્ણને વાંસળી એટલી બધી પ્રિય હતી, તેના પાછળનું કારણ એ છે કે તેને પોતાનું અહંમ નથી ભગવાનને જેમ વગાડવી હોય તેમ વગાડી શકે છે. તેથી જ કહ્યું છે ને કે,

"હું ટળે હરિ દુકડા તે ટળાય દાસે રે."

માટે હું કેરો અહંમ ભાવ ને ટાળો ને તેના દાસ થાવ તો ભગવાન વેંત સુધ્ધા દૂર નથી. શ્રીજી મહારાજના પ્રાકટ્યનો મૂળ હેતુ ભક્તોને લાડ લડવવાનો અને મૂળ અજ્ઞાન નો નાશ કરવાને વાસ્તે હતો. મૂળ અજ્ઞાન શું - હું ને મારું તેમાંથી જ આ બધું ઝગડા વેર-ઝેર અશાંતિ અજ્ઞાનનું ઉદ્‌ભવ સ્થળ છે. આ અજ્ઞાનનું પડીકું, ડ્રાફટ લઈ જન્મોજન્મથી ભટકતા જ રહ્યા છીએ. ભગવાન આપણને આમાંથી મુક્ત, આઝાદ, સ્વતંત્ર કરવા તલપાપડ છે. જ્યારે આપણને આ બધ્ધપણું ગમી ગયું છે તેથી આપણે આ બધા નિયમો આજ્ઞા વિશ્વાસ શ્રધ્ધામાંથી છટકબારી શોધીએ છીએ.

પોતાના સ્વરૂપનું જે જ્ઞાન તે પ્રકૃતિપુરુષ થી પર છે સુખ દાયક છે. દુઃખથી રહિત છે. અત્યાર સુધીના સત્સંગના ઈતિહાસમાં યા બીજા ભક્તોના જીવનમાં થોડું ડોકિયું કરો તો ખબર પડશે કે દેહરૂપી દર્દના રોગી થી પીડાતા હોવાથી પતનું થયું છે. ભરતજી એ રાજ્યનો ત્યાગ કર્યો તો મૃગલામાં બંધાણા ! તો આપણે પણ વિચાર કરવો ઘટે કે એક મૃગલામાં બંધાવાથી જન્મ ઉભો થાય !

<u>સાખી :</u>

એક મૃગકે કારણે, ભરત ધરે તીન દેહ,
તુલશી કહે ક્યા ગતી, સબસે કરત હે સ્નેહ.

તો આપણા જીવનમાં આવા કેટલા મૃગલા હશે ? શ્રીજી મહારાજ વ.અં.-૨૦માં કહે છે કે જીવે જે પૂર્વે જન્મને વિષે કર્મ કર્યા છે તે પરિપકવ અવસ્થાને પામીને જીવ ભેળા એકરસ થઈ ગયા છે. જેમ લોઢાને વિષે અગ્નિનો પ્રવેશ થઈ જાય તેમ પરિપકવ પણાને પામીને જીવ સાથે મળી રહ્યા તે સ્વભાવ જાણીએ. અને તેને જ વાસના કે પ્રકૃતિ કહીએ. માછલાનું જીવન જળ છે. તે વિના તે તડફડીને મરી જાય, તેમ જીવ, પ્રાણી માત્રને જીવન પણું પંચવિષય

મનાઈ ગયું છે. પ્ર-૩૪ના વચનામૃતમાં પણ મહારાજ કહે છે કે સર્વ સુખના ધામ અને સર્વ થકી પર એવા પરમેશ્વર છે. તેમાં જીવની વૃત્તિ ચોટતી નથી. અને માયિક એવા જે નાશવંત તૃચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોટે છે. તેનું કારણ અજ્ઞાન ને જન્મોથી એવો ઢાળ પડી ગયો છે. જેમ નદીનું પાણી સમુદ્રમાં જ જાય છે તેમ જીવ પ્રાણી માત્રનો પ્રવાહ વિષય સન્મુખ જ રહે છે. પાતાળ સુધી પૃથ્વી ફાટી છે. કહેતા પંચ વિષયોમાં એટલી બધી વૃત્તિ ફંટાઈ ગઈ છે કે તમે થીંગડું ક્યાં મારશો ?

મુક્તાનંદ સ્વામી સાધુ થવા ધ્રાંગધ્રાના તુલસીદાસ બાવા પાસે ગયા ત્યારે તેમણે પણ વાત કરી કે બ્રહ્મચર્ય પાળવું અઘરું છે. હું ૪૦ વરસ પહેલા ઉજ્જૈનને પાદરે ગયો હતો ત્યારે રસ્તો પૂછવા એક બાઈનું લટકું હજું હું ભૂલી શક્યો નથી. માટે આ વાસના કાઢવી ખૂબ જ અઘરી છે.

મહારાજે વ.કા.-૧૨માં કહ્યું કે જીવને જ્યારે સંતનો સમાગમ મળે ને સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તેમના વચનને હૃદયમાં ધારે તેણે કરીને કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય. પછી તેને આ બધામાંથી મુક્તિ મળી જાય ને વિશાળ ગગનમાં પોતાની રીતે વિહરી શકે. વ.સા.-૧ મા પણ કહ્યું છે કે વિષયની નિવૃર્તિનું કારણ આત્મા નિષ્ઠા ને બીજું માહાત્મ્યે સહિત જે ભગવાનનું જ્ઞાન તે છે. આવી ઈન્દ્રીયુ અંતઃકરણે યુક્ત મિશ્રિત કરેલી ભક્તિ ભગવાન હરગીજ સ્વીકારતા નથી. જ્યાં સુધી બ્રહ્મરૂપ ન થઈએ ત્યાં સુધી પુરૂષોત્તમની ભક્તિ કરવાનો અધિકાર નથી એવું વ.લો.-૭માં કહ્યું છે.

વૃત્તિને પંચવિષયમાંથી તોડી ભગવાનનાં માહાત્મયમાં સ્થિર કરી દેવી. ભગવાન સર્વોપરિ, સદા દિવ્ય, સાકાર, કર્તા હર્તા અને પ્રગટ જ છે. સ્થુળ દેહને નિયમે કરીને જીતી આ જ્ઞાનમાં સ્થિર કરી દેવું. બાકી આ જ્ઞાન વિના તો ભગવાનને છાતી ભીડી રાખે તોય સુખ ન થાય. પેટમાં ઓસડ જાય ત્યારે દુઃખ જાય. તેમ જ્ઞાન વિના, સુક્ષ્મદેહના રોગ ન મટે.

જ્યાં લગી આત્મતત્વ ચિન્હો નહિ.
ત્યાં લગી સાધના સર્વે જુઠી

દરેક વચનામૃતમાં સોય પાછળ દોરો ચાલ્યો આવે તેમ મહારાજે આ વાત મુકી દઈ સ્વતંત્રતા બક્ષવા મથી રહ્યા છે. જનકરાજા એ મિથિલા નગરી બળી તેમાં પોતાનું કાંઈ બળતું નથી. એવી દ્રઢ આત્મનિષ્ઠાથી વરેલા હતા તેથી તેમને કાંઈ ફેર ન પડ્યો. આ વિચારથી જેમ તળાવના પાણીમાં નાની કાંકરી નાખો તો તરંગ ઉઠે પણ પાણી હીમ સંગે બરફ બની જાય તો કાંકરી ઉથડકીને પાછી પડે તેમ આપણે પાણી જેવા હોઈશું તો એટલે કે દેહભાવે યુક્ત હોઈશું તો શબ્દરૂપી કાંકરી મારશે તો તરંગો ઉડશે પણ જો આત્મારૂપે (બ્રહ્મરૂપે) થઈ જઈશું એટલે કે આ માયિક વિષયોની વાસના સ્વાધિન થઈ જઈશું પછી ગમે તેવા શબ્દો ઉથડકીને પાછા પડશે. માટે મન દ્વારા બ્રહ્મનો સંગ કરીએ તો તેના ગુણ સહેજે જ આપણામાં આવે. કોઈએ યથાર્થ કહ્યું છે કે,

"મનનું ઘોડે તેને હરિવર ન તરછોડે"

માટે દશ ઈન્દ્રિયોના ઘેરાવ્યા ઘેરાવું નહિ તેને નિયમરૂપી બેડી માં બાંધી રાખવા જેટલા નિયમ પાળે તેટલા વિષયની ધારા કુંઠીત થાય. અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાને આજ મર્મ કહ્યો. ત્યારે તેમનો મોહનો નાશ થયો હતો.

વ.લો.-૬ કહ્યું છે કે એક દોષમાં બધા દોષ આવી જાય એવો ક્યો દોષ છે ? તો દેહાભિમાન રૂપ દોષ એવો છે કે તેમાં બધાજ દોષો આવીને અખંડ નિવાસ કરે છે. અને આત્મનિષ્ઠારૂપ એક ગુણ હોય તો ગુણ માત્રનો ઢગલો આવીને વસે છે. માટે શેરડી ને રોટલો શીંગદાણાને ફોતરા છાલને કેળું ખાઈએ ને સુખ ન આવે. પણ શુદ્ધ પરિશુદ્ધ નિર્મળ ભક્તિના અધિકારી થવા જે કરવું પડે, જે વિચારવું પડે જે સાધના કરવી પડે તે કરીને પછી જ ઝંપીએ. મહારાજે વ.છે.-૩૮માં લાલ બત્તી ધરીને કહ્યું છે કે એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિશે ઉઠ્યા બેઠ્યાની વાસના તથા રસને વિષે જિહવાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય એ છ વાના જેને વળગ્યા હોય તેને સુખ ક્યારેય નહિ આવે.

વાસના પ્રલોભન વૃત્તિઓને જાકારો આપો તો જ અજવાળા થશે. હૃદય શુદ્ધ હશે તો જ શ્રીજીનો દિવડો દેખાશે ને પછી તો અલૌકિક અજવાળા પ્રગટશે. અંતરમાં દિવ્યતાનો સંચાર થશે અને આજ ખરી આઝાદી, મુક્તિ અને ખરી સ્વતંત્રતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર
ઈડરના પાટોત્સવ ફેરફાર અંગે

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડરનો વાર્ષિક પાટોત્સવ આવતા વરસથી **જેઠ સુદ-૧૩ના ઉજવાશે.** અને દર વર્ષે તે મુજબ જ પાટોત્સવ થશે. જેની સૌ હરિભક્તોએ નોંધ લેવી.

વાલી (રાજસ્થાન)
શ્રી સ્વામિનારાયણ મંદિર
બદલાયેલ ફોન નંબર :
(02969) 281138

જનમંગલ સ્તોત્રનું હિન્દી સંસ્કરણ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

કોઈ સમયે સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણનું પોતાના હૃદયમાં સ્મરણ કરતા સર્વજ્ઞ મહર્ષિ શ્રી શતાનંદ મુનિ ઉન્મતગંગાની સમીપે બેઠા હતા. એ વખતે ભગવદ્ ઈચ્છાથી તેમને પ્રેરણા થઈ કે મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી અને તેઓએ જ પ્રસન્ન થઈ સત્સંગિજીવન ગ્રંથ રચવા માટે મને સહાયભુત થવા આપેલ દિવ્ય દ્રષ્ટિ અને જ્ઞાન શક્તિથી સત્સંગીઓના જીવનરૂપ સત્સંગિજીવન એવા યથાર્થ નામાવાળો ગ્રંથ મેં લખ્યો છે. મહા પ્રભુએ તે પ્રમાણ કર્યો છે. તેમાં સુજ્ઞ દૈવીજનોના કલ્યાણની વાત સમુચિતપણે કહેવાઈ છે. પરંતુ આ બૃહત શાસ્ત્રનાં સમગ્રતયા પઠન આ શ્રવણ માટે વિષમ કળિયુગમાં જીવતા અને સંસારિક પ્રવૃત્તિઓમાં અટવાતા ભક્તજનોને પર્યાપ્ત સમય મળવો દુષ્કર છે. માટે આજ શાસ્ત્રને અનુસરી ભગવાન શ્રીહરિના દિવ્ય ચરિત્રોનો સારાર્થ સંદોહન કરી તેમજ તે ગ્રંથમાં નહિ કહેવાયેલા એવા પણ કેટલાક લીલા ચરિત્રો અવધારીને તદ્ભવ નામાત્મક એક સ્તોત્ર બનાવી આપું કે જેનું શ્રવણ પઠન થોડા સમયમાં પૂર્ણ થાય અને શ્રીહરિના વિસ્તૃત ચરિત્રવાળા મૂળ ગ્રંથના શ્રવણ-પઠનથી જેટલી ફળ પ્રાપ્તિ થાય તેટલી જ ફળ પ્રાપ્તિ આ સ્તોત્રના શ્રવણ પઠનથી થાય. આવું લોક હિત વિચારી ભગવદ્ પ્રેરણાથી તેમણે સ્વામિનારાયણ ભગવાનના એક હજાર નામોવાળું સર્વ મંગલ સ્તોત્ર બનાવ્યું.

સંત બડે પરમારથી, દેત સબનકુ જ્ઞાન, હરિ સનમુખ અનંત જીવ, કરન ઉરમેં તાન, સર્વ મંગલ સ્તોત્ર તો બનાવ્યું. પરંતુ શતાનંદ સ્વામી વિચારે છે કે ભવિષ્યમાં આ અભિજાત સ્તોત્રનો નિત્યપાઠ કરવા માટે પણ સત્સંગીજનોને પર્યાપ્ત સમય પ્રાપ્ત કરવાની અનુકુળતા નહિ મળે. વળી કળિયુગમાં તો મોક્ષાર્થીને ભગવદ્ ગુણ ચરિત્ર યુક્ત કીર્તન ભક્તિ એ જ કલ્યાણ માટે પ્રધાનાધાર છે. માટે સર્વ મંગલ સ્તોત્રમાંથી પણ અનુવિધાન કરી શ્રીહરિના સર્વ શ્રેષ્ઠ નામોના સમાહારરૂપ બીજું એક સંક્ષિપ્ત પરંતુ ફળ પ્રાપ્તિમાં મહત એવું સ્તોત્ર બનાવું કે જેનું શ્રધ્ધાયુક્ત કરેલું શ્રવણ પઠન અવશ્ય મહત્તમ ફળવાળું અને કલ્યાણકારી સાધન બની રહે. આમ બહુજન સમાજના હિતનો વિચાર કરી તે મુનિએ જનમંગલ સ્તોત્ર બનાવ્યું. આ જનમંગલ સંજ્ઞિત સ્તોત્ર અખિલ સંપ્રદાયમાં પ્રસિદ્ધ સ્તોત્ર છે. વિશ્વાસ અને શ્રધ્ધાસહિત તેનો પાઠ કરવાથી સર્વ પ્રકારના સંકટ દૂર થાય છે. એવું ચમત્કારિક સ્તોત્ર છે. તેમાં સર્વોપરિ શ્રીહરિના સ્વરૂપ, ગુણ અને ચરિત્ર પરથી નિર્મિત એવા એકસો આઠ નામ શતાનંદ મુનિએ ગુંથેલા છે.

લોકભાષા સમાજના લોકોને જેટલું સમજાવી શકે છે તેટલું સંસ્કૃત ભાષા સમજાવી શકતી નથી. તેથી જ શ્રીજી મહારાજે કેટલાક સંતોને સ્વરચિત શિક્ષાપત્રીનું ભાષાન્તર કરવા પ્રેર્યા હતા. શ્રધ્ધાળુ ભક્તોને જનમંગલ સ્તોત્ર જીવનરૂપ હોઈ સદ્ગુરુ શ્રી વૈષ્ણવાનંદવર્ણીએ તેને હિન્દી ભાષામાં ઉતાર્યું છે. આપણે તેમનો પણ ઉપકાર માનવો ઘટે. હિન્દી સ્તોત્રનો પાઠ અહીં આપ્યો છે.

દોહા :

ગુન ચરિત અનુસારસો નામ કહુ શત આઠ,
આગે અમીત ઈન નામકો કરહિ અમીત જન પાઠ.
ભક્ત કલ્પદ્રુમ શ્રીહરિ, ભક્તિ ધર્મ વથુ જાત,
દાતા બુદ્ધિ દયા જુત, તાહી નમું સાક્ષાત્.
કુસુમગંધ સુગંધ જુત, અમીત હાર દ્રવ્ય સાર,
પુજત ભક્ત અનંત મિલી, શ્વેત બસન તન ધાર.
આઠ અધિક શત નામ હરિ, જપત તુરત ફલ દેત,
ધર્મ, અર્થ, જન મોક્ષકુ, ઈચ્છિત ફલ સબ દેત.
સ્તોત્ર નામ જનમંગલ, શોભાજુત હરિ કેર,
મંત્ર અનુષ્ટુપ છંદ કરી, શતાનંદ મુનિ પ્રેર.
ભક્તિનંદન કીલક કહે, નિશ્ચવે હરિકો સાર,
ચહુ વર્ગ સિદ્ધિ અર્થ જપ, કરહુ હરિ ઉર ધાર.

અથ ધ્યાનમ્, ચોપાઈ :

વરની વેશ દર્શન રમનીયં,
રુચિર કમલમુખ મંદ હસનીયં
સુરનર મુનિ પૂજીત મુદ દેહા,
ધર્મનંદન ચિંતન કરું એહા.
ઈતિ ધ્યાનમ્

વાસુદેવ શ્રીકૃષ્ન કહાવે,
નરનારાયણ પ્રભુ સબ ગાવે,
ભક્તિધર્માત્મજો અજનવા,
કૃષ્ણો નારાયણ હરિ ભીનવા.
હરિકૃષ્ણ ઘનશ્યામ કહાવે,

ધાર્મિક ભક્તિનંદન ગાવે,
શુદ્ધ બ્રહદ વ્રતધર કહાવે,
ઈષ્ટ સદા પુરુષોત્તમ ભાવે.
મારુત સુત પ્રિય કહત સુધામા,
કાલી ભૈરવ ભીષન નામા,
જીત ઈન્દ્રિય જીત આર કહાવે,
તીવ્ર વિરતિ આસ્તિક રહાવે

દોહા :

યોગ કલા પર વરતીકર, યોગેશ્વર અતિ ધીર,
તીરથ કૃતાર્થિક પુજ્ય સદા, પર્મહંસ ગંભીર.

ચોપાઈ :

જ્ઞાની ક્ષમા નિધિ સદા અનિંદ્રા,
ધ્યાન નિષ્ઠ તપ પ્રિય રાજીંદા,
સિધ્ધેશ્વર સ્વતંત્ર રહાવે,
વિદ્યા બ્રહ્મ પ્રવર્તક કાવે.
પાખંડોચ્છેદન પટુ પ્યારે,
સ્વસ્વરુપ અવિચલ થિતી વારે,
નિર્દોષિત પુનિ મુરતિ પ્રસંતા,
અસુર ગુરુકો મોહ કરંતા.
અતિ કારુન્ય નયન સુખધામા,
ઉદ્ધવ મગ પરવરતક શામા,
સાધુશીલ મહાવ્રત કહાવે,
સાધુ વિપ્રકુ પુજત ભાવે.
મખ અહિંસક પ્રતિપાદન કરહી,
સાકારો બ્રહ્મ વરનન વરહી,
સ્વામિનારાયણ પુનિ સ્વામી,
કાલદોષ નિવારક નામી.

દોહા :

સત શાસ્ત્રકે વ્યસન હૈ સદ્ય સમાધિ થિતિ કર્ત,
કૃષ્ણ મુરતિ થાપિત કર, કૌલનાશ કલિ તર્ત.

ચોપાઈ :

નિરદંભીય પ્રકાશ સરૂપા,
સર્વજીવ હિતકારક રૂપા,
ભક્તિ પ્રયોષક સુંદર વાગા,
ચતુરવર્ગફલ દેત અથાગા.
નિર્મત્સર પુનિ ભક્તકે વર્મા,
બુદ્ધિદત્તા અતિ પાવન પર્મા,
અબુદ્ધિહર બ્રહ્મધામ સુદર્શા,
અપર જીતી કર આપકે સર્સા.
સમુદ્રાંત સત કીરતિય સારે,
આશ્રિત સંસૃતિ મોચનવારે,
સહજાનંદ ઉદાર રહાવે,
સાધુ ધર્મ પ્રવર્તક કાવે.
કામદર્પકુ દલીત કુમારા,
વિષ્ણુ મખકર વારમવારા,
પંચદેવ પૂજન કૃત ભારી,
નૈષ્ઠિક વ્રત પોષક અધહારી.

દોહા :

પ્રગલ્ભ પ્રતિજ્ઞ પુનિ, ભક્તવત્સલ નિસ્નેહ,
ષટ ઉરમિ જીત સમરથ દીરધ દરશી દ્રંગતેહ.

ચોપાઈ :

સરલ અશેષ પુનિ અદ્રોહા,
સબ ઉપકાર નિરહંકૃતિ સોહા,
નિયામક ઉપશમ થિતિવારે,
વિનયવાન ગુરુ કહવત બારે..
રિપુ અજાતા નિરલોભી રહાતા,
મહાપુરુષ અરુ આતમદાતા.
રખહિ અખંડ સુહદ મર્યાદા,
વ્યાસ સિદ્ધાંત સુબોધક જાદા.
મનનિગ્રહ યુક્તિકો જાને,
જમકે દૂત વિમોચ સયાને,
પૂર્નકામ સતવાદી સુહાતા,
ગુનગ્રાહી ગત ગર્વ કહાતા.
સદાચાર અતિ વલ્લભશામા,
પુન્ય શ્રવન કીરતન સુખધામા.
નાના ગુન ચેષ્ટિત શુભનામા,
સબમંગલ સદરૂપ અકામા.

દોહા :

એહિ પ્રકાર સ્તોત્ર યહ, જનમંગલ કર પર્મ,
એહિ પઢ્યો સો સબ પઢ્યો નિશ્ચે મંગલ કર્મ.
જો સુનત સુનાવે જો પઢે ભક્તિન સે તીહુ કાલ,
નાસત હૈ સબ પાપ તેહી નિશ્ચે કહત દયાલ.

ચોપાઈ :

જો ઈનકુ નર સેવત જે હિ,
ચહુ પુરુષારથ મિલવત તેહિ,
દુરલભ સો આશિષ પ્રસાદા,
શ્રીહરિકૃષ્ણકી પાવત પાદા
ભૂત પ્રેત પિશાચિની જેહા,
ડાકિની બ્રહ્મ રાક્ષસી તેહા,
યોગિનિ બાલ ગ્રહાદિક કૃત્યા,
સો ઉપદ્રવ આવત નહિ સત્યા.
જંત્રમંત્ર રિપુ કૃત અભિચારા,
રોગાદિક ભય અજાનકારા.
અયુતવેર ઈન પાઠ કરાઈ,
નિશ્ચે સબદુઃખ નાસત તાઈ.
દસદસ પાઠ જો પ્રતિદિન કરહી,
ઈષ્ટ સબે સુખ મિલવસુ નરહી,
ગૃહી ત્યાગી સબ કહવત મારે,
દિન દિન પાઠ કરવ ઈન સારે.

દોહા :

જન મંગલ વિસ્તાર કર, જનમંગલ કીયે શામ,
જન મંગલ તાતે જપો, વિષ્નુસદા અઠ જામ.
જન મંગલ સબ જગત કે, અધકો હર હી અપાર,
શતાનંદ મુખ સુની કહે, હે નૃપતિ ઉર ધાર.

આ સ્તોત્રમાં શ્રીહરિનું એક નામ અહિંસયજ્ઞપ્રસ્તોતા છે. મહાપ્રભુ અહિંસક યજ્ઞના પુરસ્કર્તા હતા. જેતલપુરમાં મહારૂદ્ર કર્યો ત્યારે એક દિવસ સભામાં વેદ હિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરે છે કે અહિંસામય યજ્ઞનું સમર્થન કરે છે તે ઉપર વિશદ ચર્ચા પંડિતો દ્વારા કરાવી હતી. એ સભામાં બંને પક્ષના વિદ્વાનો હાજર હતા. અમદાવાદના નિર્ભયરામ શાસ્ત્રી, વિરમગામના આશારામ પંડિત તથા વડોદરાના રૂપશંકર શાસ્ત્રી તેમજ અન્ય વેદજ્ઞ વિપ્રોના મુખેથી જ હિંસા પ્રધાન યજ્ઞોનું ખંડન કરાવી વેદમાં અહિંસામય

યજ્ઞનું જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે ભૂદેવોના મુખથી જ કબૂલ કરાવ્યું હતું.

વળી ભુજમાં કુબેરજી, જગજીવન અને રામચંદ્ર એ ત્રણ ભાઈઓ હતા. તેમાં એક તો ભુજ નરેશના દીવાન હતા. તેઓ શક્તિના ઉપાસક હતા. તેમણે એકવાર હિંસામય યજ્ઞ શરૂ કર્યો. ભોગ માટે કેટલાયે ઘેટા બકરાં લાવી બાંધી રાખ્યા હતા. સ્વામિનારાયણ ભગવાન એ વખતે ભુજમાં હતા તેથી યજ્ઞમાં આવવા માટે તેમને પણ આમંત્રણ આપ્યું હતું. કેટલાક સંતોએ હિંસક યજ્ઞમાં ન જવા માટે અભિપ્રાય આપ્યો છતાં શ્રીહરિ તેના યજ્ઞમાં ગયા હતા. અને યજ્ઞ મંડપમાં સર્વ ભૂદેવોની હાજરીમાં હિંસાયુક્ત યજ્ઞનું ખંડન કરી વેદોના પ્રમાણ સહિત અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરી બાંધેલા પશુઓને છોડી મુકવાનું કહી પાછા આવતા રહ્યા હતા. આવા અનેક પ્રસંગોએ શ્રીજી મહારાજે હિંસાયુક્ત યજ્ઞોને વખોડી અહિંસા ધર્મને પુષ્ટિ આપી હતી તેથી શતાનંદ મુનિએ પાડેલું આ નામ સાર્થક છે.

બીજું નામ સાધુવિપ્ર પ્રપુજક છે. શ્રીહરિ સંતોને સન્માનતા. બ્રાહ્મણોને પૂજ્ય ગણતા. માંગરોળમાં વાવ ગળાવી ત્યારે, કારિયાણીમાં તળાવ ખોદાવ્યું ત્યારે, પિપલાણામાં છ મહિના વિષ્ણુયાગ મહોત્સવ કર્યો ત્યારે, ધોરાજીમાં ચોર્યાશી કરી ત્યારે, જેતલપુર તથા ડભાણમાં યજ્ઞો કર્યા ત્યારે, કાંકરિયા ચોર્યાશી કરી ત્યારે, જુદા જુદા મંદિરોમાં દેવપ્રતિષ્ઠા કરી ત્યારે, તેમજ રામનવમી, જન્માષ્ટમી, દિવાળી, હુતાશની, નૃસિંહ જયંતી, પ્રબોધિની જેવા અનેક વાર તહેવારો કે અન્ય કોઈ પ્રસંગોએ લાખો હરિભક્તો, સંતો અને બ્રાહ્મણોને તેડાવતા. સંતો તથા વિપ્રોને સત્કારતા. બ્રાહ્મણોને મન માન્યા ભોજનો કરાવતા, દાન, દક્ષિણા, વસ્ત્રો, અલંકારો આપી ખૂબ તૃપ્ત કરતા. એટલે સાધુ વિપ્ર પ્રપુજક નામ પણ સંપૂર્ણ યથાર્થતા ધરાવે છે. આ રીતે બીજા અનેક નામો શતાનંદમુનિએ પ્રયોજ્યા છે. મહાપ્રભુના બધા નામો તેમના ગુણો તથા ચરિત્રોના દ્યોતક છે.

આ હિન્દી સ્તોત્ર રચનાર સદ્. શ્રી વૈષ્ણવાનંદ બ્રહ્મચારીની સત્તાવાર ઓળખાણ પ્રાપ્ત થતી નથી. સાધુ બ્રહ્મચારીઓમાં વૈષ્ણવાનંદ નામધારી પાંચ વ્યક્તિઓ હતી. પરંતુ આ સ્તોત્રના રચનાર તો બ્રહ્મચારી જ છે. કારણ કે શ્રીહરિ લીલા સિંધુ નામનો એક ગ્રંથ તેમણે રચ્યો છે. તેના દરેક તરંગને અંતે "ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય શ્રીવૈષ્ણવાનંદ વર્ણી કૃત" એવું લખાણ આવે છે. આ સ્તોત્રની રચના તદંતર્ગત થયેલી છે. વૈષ્ણવાનંદ વર્ણી સ્વામિનારાયણ ભગવાન સાથે ફરતા. તેમના માટે થાળ બનાવતા. તેઓ ચટણી ભારે સરસ બનાવતા. વિવિધ ચટણીઓ બનાવવાનું કામ શ્રીહરિ તેમને જ સોંપતા. તેઓ હળવદ તાલુકામાં આવેલા ધનાળા ગામના વતની હતી. પૂર્વાશ્રમનું નામ અંબારામ ત્રિવેદી હતું. શ્રીજી મહારાજે દીક્ષા આપી વૈષ્ણવાનંદ નામ પાડ્યું હતું. બ્રહ્મચારી વૈષ્ણવાનંદજીએ હિન્દી ભાષામાં રચેલું આ સ્તોત્ર સકળ સત્સંગીઓએ સરળતાથી નિત્યપાઠ કરી શકાય તેવું અને સહજપણે સમજી શકાય તેવું ભાવવાહી સુંદર સ્તોત્ર છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નવા વર્ષના ગ્રીટીંગ્સ પ્રકાશીત થઈ ગયા છે.

પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના દિવ્ય અલૌકિક સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નૂતન વર્ષના સુંદર આકર્ષક ૪-કલરમાં ગ્રીટીંગ્સ પ્રકાશીત કરવામાં આવ્યા છે. (કિંમત રૂા. ૫) જે અમદાવાદ કાલુપુર મંદિર, નારાયણઘાટ, કાંકરિયા, નારાયણપુરા, જીવરાજપાર્ક, એપ્રોચ બાપુનગર, જેતલપુર ધામ, ધોળકા અને મૂળી આદિ મંદિરો માં મળશે.

સંવત ૨૦૬૩ના વર્ષના દફ્ટાનું પ્રકાશન

આપણા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંવત ૨૦૬૩ના વર્ષના તિથિ તહેવાર અને દેશ વિદેશના દરેક મંદિરોના પાટોત્સવો સહિતની માહિતી સભર 'દફ્ટા' નું પ્રકાશન કરવામાં આવ્યું છે. જે ટૂંક સમયમાં આપણા મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળશે.

સાચા ગુરુ એજ આપણું જીવન દર્શન છે

- ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)


સાચા ગુરુ એજ આપણું જીવન-દર્પણ છે. જે આપણા અંતઃકરણમાં રહેલા કામાદિક દોષ દર્શાવી પરમાત્માની પ્રાપ્તિ અર્થે શ્રીહરિની મૂર્તિમાં જોડે છે તે મુક્તિ દાતા - મોક્ષદાતા - ધામ-દાતા મમ ગુરુને પ્રાર્થના.

गुरुः ब्रह्मा गुरुर्विष्णु गुस्देवो महेश्वरः ।
गुरुर्साक्षात् परब्रह्म तस्मै श्री गुस्त्वे नमः ॥

શ્રીજી મહારાજ કહે છે -

"આપણે સર્વે છીએ તે આ દેહ થકી નોખો જે આત્મા તેને બ્રહ્મરૂપ જાણીએ છીએ, અને જ્ઞાન વૈરાગ્યાદિક સાધને યુક્ત છીએ, તો પણ એ નારાયણને પ્રસન્ન કરવાને અર્થે રાતદિવસ ઉજાગરા કરીએ છીએ, ને કીર્તન-નામ સ્મરણ તે તાળીઓ વજાડી વજાડી હાથની આંગળીઓ ફાટી જાય એમ કરીએ છીએ, તથા કથાવાર્તા રાત દિવસ કરીએ કરાવીએ છીએ, તે જો એ નારાયણ સરખા થઈ જવાતું હોત તો એવડો દાખડો શું કરવા કરીએ ? **માટે એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે, પણ બીજો કોઇ એ જેવો થતો નથી અને** "एकमेवाद्वितीयं ब्रह्म" એ શ્રુતિનો પણ એ જ અર્થ છે જે 'એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે'. એમ સર્વશાસ્ત્રનો સિધ્ધાંત છે. (વચ. લોયા.-૧૩) અને આ વાતનું રહસ્ય એટલે શુદ્ધ ઉપાસનાનું સ્વરૂપ એટલે સ.ગુ. મુક્તાનંદ સ્વામીના શબ્દોમાં -

છાંડીકે શ્રીકૃષ્ણદેવ, और की जो करुंसेव ।
काटी डारो कर मेरो, तीखी तलबारसे ॥
मुक्तानंद कहे मोय, और जो प्रतीत होय ।
जानियो अधिकनीच,श्वपच लबाडसे॥



તથા શ્રીહરિની શિક્ષાપત્રી આજ્ઞા સહ ઉપાસના એટલે શ્રીહરિના શબ્દોમાં

सः श्रीकृष्णः परंब्रह्म - भगवान पुस्त्रोत्तम ।
उपास्य इष्टदेवो नः सर्वाविर्भाव कारणम् ॥
(શિ.શ્લો. ૧૦૮)

ઉપાસનાની દૃઢતામાં જેમના હૃદયકમળમાં સદા સર્વદા સર્વત્ર પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ એવા પરબ્રહ્મ સહજાનંદ સ્વામીની મૂર્તિ બિરાજમાન રહે છે તેવા - "मद्वाणी मद्रुपम्" છે. એવા ધર્મકુળ આશ્રિત આચાર્ય - **જેમને શ્રીહરિએ સ્વયમ્ પોતાના સ્વહસ્તે શિ.શ્લોક-૩ અનુસાર આચાર્યપણાને વિષે સ્થાપ્ન કર્યા છે. તે આપણા સંપ્રદાયના સાચા દીક્ષા અને ઉપદ્દેષ્ટા ગુરુ અને આચાર્ય છે. જે સર્વને માટે પૂજ્ય વંદનીય છે. અને સર્વે સત્સંગીઓને આજ્ઞા આપી છે. "અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન વસ્ત્રાદિકે કરીને પોતાના આચાર્યને પૂજવા"** (શિ.શ્લો. ૭૧) તથા "અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું. અને અમને પ્રિય એવું જે તે ધામ તે ગોલોક છે એમ જાણવું. અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. એટલે અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.

(શિ.શ્લોક-૧૩૯) **અને ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પાક્યું જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. (શિક્ષા. ૧૪૭)**

આ સર્વે વાતોનો સાર સમજવાનું એટલે શુદ્ધ ઉપાસનાનો મહિમા - સમજી તે પ્રમાણે "सदाचार प्रथमो धर्म" વર્તવું તેનું નામ સત્સંગ છે. પણ આજકાલ "સારા સંસ્કાર સત્પુરુષને યોગે કરીને જ થાય છે. એવા સત્પુરુષોની આ સભા એ અક્ષરધામની સભા છે - આ વાત શ્રીહરિ કહે છે. "સર્વથી પર એક મોટો, તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધો-ઉર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે સહિત છે. ને અનંત છે. અને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે, તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે શ્રી નરનારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે. ને તે સિંહાસનને ચારેકોરે, અનંતકોટી મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે, એવા જે મુક્તે સહિત શ્રી નારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ, અને તે ભગવાનને વિષે તેજનું અતિશયપણું છે, તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થતા ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે. અને તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે, તો પણ એને વિષે રુચિ નથી, અને ભગવાનની મૂર્તિનાં દર્શને કરીને જ અતિ સુખ થાય છે. અમારે એવી રીતની ઉપાસના છે." (વચ. લો. ૧૪)

આ સર્વે વાતોનું રહસ્ય જેમની મુખવાણીથી સદાકાળ સમજાય છે તેવા શ્રીહરિના શબ્દોમાં "મદ્વાણી મહદય" જેમનું સ્વરુપ વાણી અને વર્તનમાં આ જીવન અનુભવ્યું છે. તેવા પ્રાતઃ સ્મરણીય સૌના પ્યારા શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં બિરાજેલા વિશ્વ વંદનીય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને મારા કોટિ કોટિ વંદન.

अहिंसा ब्रह्मचर्याद्याः स्वधर्माः सन्ति येऽमलाः ।
अल्पस्यापिच्युतौ तेशांमनुतापं व्रजन्त्यति ॥
(स.जी. प्र.उ, अ-२४-७५)

અહિંસા, બ્રહ્મચર્ય આદિક નિર્મળ જે સ્વધર્મો છે તેમાંથી અલ્પાંશનો પણ ભંગ પ્રમાદથી પણ થઈ જાય તો અત્યંત પશ્ચાતાપને જેઓ પામે છે, એવા પુણ્યાત્માના ઊંડાણોનો ત્યાગ કરેલો મહાન હોય છે ? જે શબ્દોમાં અવર્ણીય રહે છે. કારણ તેમાં શ્રીહરિનો સાક્ષાત્કાર સમાયેલો છે. એટલે તો પૂ.તેજેન્દ્રપ્રસાદજીના આચાર્ય જીવનમાં આચાર્યત્વમાં વિભૂતિત્વનું તેજ સમાયેલું છે. જેઓ માત્ર જીવનધર નહિ પણ જ્યોર્તિધર છે. તેવા ગુરુવર્યના સાનિધ્યમાં આ જીવ પોતાનું ધાર્યું મેલીને (અહમ્ છોડીને) પરમેશ્વરના નિયમમાં પસાર થઈ જાય તો અક્ષરધામમાં જરૂર જાય અને જાય જ.

આચાર્યશ્રીને સંદેશો

"આટલો સંદેશો આપણા આચાર્યશ્રીને કહેજો,
હરિભક્તોનાં હૈયામાં રહેજો, સંદેશો આચાર્યને કહેશો.
.....આટલો સંદેશો ૦

કાયાના કમળનું અમને લાગે છે કાચું,
આથી ઉપદેશ અમને દેજો, સંદેશો સદ્‌ગુરુઓને કહેશો.
.....આટલો સંદેશો ૦

આ દેવળ પડશે ને હંસલો ક્યાં જઈ સમાશે,
આથી અક્ષરધામ બતલાવી દેજો, સંદેશો આચાર્યને કહેશો.
.....આટલો સંદેશો ૦

અમને ન આપને, આપને ને અમને,
જન્મોજન્મ પ્રીત રહેજો, સંદેશો આચાર્યને કહેશો
.....આટલો સંદેશો ૦

પ્રભુએ પધરાવેલ નરનારાયણદેવ, નજરોનજર આવે,
દર્શન નિત્ય અમને દેજો, સંદેશો આચાર્યને કહેશો.
.....આટલો સંદેશો ૦

બેઉ કર જોડી આ દાસાનુદાસ આપને વિનવે,
મુક્તિનો રાજમાર્ગ અમને કહેજો, સંદેશો આચાર્યને કહેશો.
.....આટલો સંદેશો ૦"

(પ્રો. મહાદેવ ધોરિયાણી)

મા

- સાધુ હરિવલ્લભદાસ ગુરુ મહંત સ્વામી નારાયણપ્રસાદદાસ (મહેસાણા)

આપણાં શાસ્ત્રોમાં પંચ જકાર પ્રાપ્તિની દુર્લભતા બતાવતા કહેવામાં આવ્યું છે કે,

"जननी जन्मभूमिश्च जाह्नवी च जनार्दन ।
जनकः पंचमश्चैव जकाराः पंच दुर्लभाः ॥"

અર્થાતઃ- જનની, જન્મભૂમિ, જાહ્નવી, જનાર્દન અને જનક આ પંચજકારો દુર્લભ છે. જયારે રામ લંકા જીતીને વિભીષણને રાજ સોંપે છે ત્યારે લક્ષ્મણને કહે છે કે, "મે લંકા ન રોચતે" હે, લક્ષ્મણ ! "जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी" આ જનની અને જન્મભૂમિ એ તો સ્વર્ગથી પણ દુર્લભ છે. આ લંકા સોનાની હોવા છતાં પણ મને તો મારી એ અયોધ્યાપુરી સ્વર્ગથી પણ શ્રેષ્ઠ લાગે છે. ત્યારબાદ આવે "જાહ્નવી" એટલે ગંગા નદી. જે ગંગામાં સ્નાન કરવાથી જીવાત્માના પાપનો નાશ થાય છે. એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે, "गंगा पाप प्रणाशिनी इति ।" ગંગા એ તો મનુષ્યનાં પાપને ધોવા વાળી નદી છે. ગંગાનું આવું માહાત્મય આપણા શાસ્ત્રોમાં વર્ણવેલ છે. ત્યારબાદ જનાર્દન એટલે ભગવાન વિષ્ણું. તે પણ મેળવવા દુર્લભ છે. અને ત્યારબાદ જનક એટલે "પિતા" પોતાના પિતા પણ ખૂબ દુર્લભ છે. અને સૌથી છેલ્લો અને મહત્વનો જકાર એટલે "જનની" જનની એટલે જન્મ દેનારી "મા", જનની એટલે માતા.

ખરેખર 'મા' શબ્દ એ બહુમાળી શબ્દ છે. આ શબ્દ અનેક માટે છે, જેમકે, જન્મ દેનારી મા, પૃથ્વી મા, કુળદેવી મા, ગાયને પણ આપણી સંસ્કૃતિમાં માતા માનવામાં આવે છે.

શાસ્ત્રોમાં માં ના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે.

"राजपति गुर्स्मति भ्रातमृपति तथैव च ।
पतिर्माता च माता पंचैता
मातरस्मृताः ॥

અર્થાતઃ- રાજપત્ની, ગુરુપત્ની, પોતાના મોટાભાઈની પત્નિ, પોતાની પત્નીની માતા અને પોતાની માતા. આ પાંચ પ્રકારની માતા કહેવામાં આવેલ છે.

"મા" એ પૂર્ણ શબ્દ છે, મા એ મહાવિદ્યાલય છે, દરેક શણગારનો આધાર માં છે. મંત્ર, તંત્ર યંત્રની સફળતા માં છે. જેને કોઈની ઉપમા આપી ન શકાય તેવો શબ્દ માં છે.જેની કોઈ સીમા નથી, બોર્ડર નથી, ભેદ ભાવ નથી તે શબ્દ મા છે.

"उपर जिसका अंत नही उसे आसमान कहते है ।
जहां में जिसका अंत नही उसे मां कहते है ॥"

પરમાત્માને પ્રાપ્ત કરવાની સીડી મા છે. ગુજરાતી ભાષામાં કહેવત છે કે, "ગોળ વિના મોળો કંસાર અને મા વિના સુનો સંસાર." મા એ તો અખૂટ વહેતું પ્રેમનું ઝરણું છે.

જે જે મહાન પુરુષોએ સિધ્ધિ સાધી છે તેમાં વિશેષ ફાળો મા નો જ હોય છે. એવું કહેવાય છે એક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ રહેલો હોય છે. શિવાજી, મહારાણા પ્રતાપ અરે મહારાણાપ્રતાપ વિશે શું કહેવું ? કે જેણે સમ્રાટ અકબર જેવાં શત્રુઓની પણ ઉંઘ હરામ કરી નાંખી હતી. કોઈ કવિએ ખૂબ જ સુંદર કહ્યું છે કે,

"જનની જણતો ભક્તે જણ, કાં દાતા
કાં શુરવીર.
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ
નૂર."

મા શબ્દ એવો છે કે જેને સાંભળતા જ આપણાં હૃદયમાં બિરાજમાન સર્વોપરિ બાળ ઘનશ્યામ જાગી જાય છે. મા ની આવી પ્રેમભરી શીતળતા છે. કવિએ સુંદર કહ્યું છે કે,

"જે મસ્તી આંખોમાં છે તે
મદિરાલયમાં નથી હોતી ,
અમીરી દિલની કોઈ મોટા
મહાલયમાં નથી હોતી,
શીતળતા પામવાને કાં દોટ મુકે ઓ
માનવી !,
જે મા ની ગોદમાં હોય છે તે
હિમાલયમાં નથી હોતી."

એટલા માટે જ આપણાં સાહિત્યકારોએ સુંદર પ્રાર્થના સમજાવી છે. "ભૂલો ભલે બીજું બધું માં-બાપને ભૂલશો નહી." મા શબ્દ વિશે શું કહેવું ? મા તો અગાધ સમુદ્ર છે. મા અને ક્ષમા બંને એક છે. કેમ કે માફી આપવામાં બન્ને નેક છે. સાહિત્યકારોની ભાષામાં કહીએ તો "જેના પ્રેમને ક્યારેય પાનખર ના નડે તેનું નામ મા" છતાં પણ આ સંસારની બે કરૂણતા છે, "મા વિનાનું ઘર અને ઘર વિનાની મા" નત મસ્તક પ્રભુને પ્રાર્થના કરીએ કે અમે પણ માં-બાપની સેવા કરીએ એવી શક્તિ આપજો.

"ઘરમાં ઘરડાં માં-બાપને સાચવે નહિ ને..... ઘરડાઘરમાં ડોનેશન આપે.

જીવદયામાં રૂપિયા લખાવે, એને જીવદયાપ્રેમી કહેવો એ જીવદયાનું અપમાન છે."

"પત્ની પસંદગીથી મળતી ચીજ છે, માં-બાપ પુણ્યથી મળતી ચીજ છે.

પસંદગીથી મળતી ચીજ માટે પુણ્યથી મળતી ચીજને ઠુકરાવશો નહીં."

સત્સંગ સૂરભિ :

અવસર અજબ બના હૈ આજ

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (કેનેડા)

અમદાવાદના હરિભક્તોએ શ્રીજી મહારાજને પત્ર લખ્યો: " હે મહારાજ ! અત્યારે અમદાવાદમાં અંગ્રેજોનું રાજ્ય આવ્યુ છે. પેશ્વાઈ સત્તાનો અંત આવ્યો છે. અહીંના અંગ્રેજ અધિકારી અમારા તિલક-ચાંલ્લા જુએ છે. આપણા સંતોને જુએ છે. અને પૂછે છે "તમારા ગુરુ કોણ ?" અમારે તમારા સ્વામીને મળવું છે. અમે કહ્યું કે અમારા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી તો ગઢપુરમાં વિરાજે છે. તો કહે કે "અહીં નથી આવતા?" અહીંની જે રાજ્યસત્તા હતી એમણે મનાઈ કરેલી. એટલે આ અધિકારી હસીને કહે છે કે, 'એ તો મનાઈ એમની સાથે ગઈ તમારા ભગવાનને બોલાવો. એમને મળીને ખૂબ આનંદ થશે.'

માટે હે મહારાજ ! પત્ર મળ્યે કે તરત જ સંતો સહિત આપ અમદાવાદ નગર પધારશો.

પત્ર વાંચી મહારાજ રાજી થયા. ગઢપુરથી સંતો અને હરિભક્તો સાથે શ્રીહરિ શ્રી પુર (અમદાવાદ) આવવા માટે રવાના થયા. માર્ગમાં આવતા ભક્તોને દર્શન દેતા દેતા મહારાજ અમદાવાદની ભાગોળે પધાર્યા છે.

એક રાજ્યસત્તાએ મનાઈ કરેલી, બીજી રાજ્યસત્તાએ આવકાર આપ્યો છે. હરિભક્તો આજે અતિ આનંદમાં છે. ખૂબ મોટું સ્વાગત સમૈયું કરવામાં આવ્યું. વૈવિધ્ય સભર વાજાં લઈને આવેલા સત્સંગીઓ કેડે બાંધી બાંધીને વાજાં વગાડે છે, નૃત્ય કરતા જાય છે, નાચતા જાય છે. સંતો પણ આનંદ ઉત્સવના પ્રવાહમાં જોડાય છે. હાથમાં કરતાલો લઈને સંતો પણ શ્રીહરિ સન્મુખ નૃત્ય કરતા કરતાં આગળ વધે છે.

મોટેરા મુક્તાનંદ સ્વામી, મહારાજની આજ્ઞા લઈને, રથમાંથી હેઠે ઉતર્યા. માથે કાન ટોપી પહેરેલી છે. ખેસ વડે કેડ બાંધી હાથમાં કરતાલ લીધી. હરિભક્તોને કહ્યું રસ્તામાં ગુલાલ છાંટો. સમગ્ર માર્ગ પુષ્કળ ગુલાલથી લાલઘુમ બની ગયો છે. મુક્તાનંદ સ્વામી મહારાજની મૂર્તિ સંભારીને સુંદર મોહક નૃત્ય કરતાં જાય છે અને પગના અંગૂઠા વડે આખી શોભાયાત્રાનું રેખાંકન કરતા જાય છે. ગુલાલના પથ ઉપર હાથી, ઘોડા, આ બધું દોરાતું જાય ! ઈતિહાસકારોએ પણ આ ઐતિહાસિક શોભાયાત્રા અને મુક્તાનંદસ્વામીના નૃત્યાંકન રેખાચિત્રની સુંદર નોંધ લીધી છે.

આ શોભાયાત્રા એટલી અદ્‌ભૂત હતી કે સ્વામિનારાયણ નામનો જય જયકાર સમગ્ર શ્રીપુર શહેરમાં વ્યાપી રહ્યો. સંગીતના સુમધુર પ્રવાહ માં રેલાતો 'સ્વામિનારાયણ' નામનો ષડક્ષરી મંત્ર-અમદાવાદ આખામાં જાદુઈ અસર કરવા લાગ્યો ! શહેરના રાજમાર્ગો ઉપરથી રેલાતી આ શોભાયાત્રાએ એક અનેરી આભા સર્જી દીધી ! આ પ્રવાહમાં વેપારીઓ પણ એવા ખેંચાયા કે ચોપડામાં હિસાબ કિતાબની જગ્યાએ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ લખવા માંડ્યાં.

અમદાવાદના મોટા મોટા આગેવાન શેઠિયાઓ હિરાચંદ ચોકસી, બેચર લશ્કરી, માણકીવાળા તેમજ છડીદાર કુબેરસિંહ આવા અનેક આગેવાનો તથા શહેરના બીજા નામાંકિત માણસો આ બધાય શોભાયાત્રામાં મન મુકીને નાચતા હતા. આખું નગર હિલોળે ચઢયું હતું. મકાનોની અટારીએથી પુષ્પવૃષ્ટિ થતી હતી. ચોખા, અબિલ, ગુલાલથી બધા નગરજનો શોભાયાત્રાને અને એનાં મધ્યબિંદુ એવા મનમોહક મહારાજને વધાવતા હતા.

કૃપાળુ શ્રીહરિ શહેરના રાજમાર્ગો ઉપર ફરીને પછી નવાવાસમાં પધાર્યા. ત્યાં ઉતારો કર્યો. અહીં હજારો મનુષ્યો આવ્યા છે. નર્મદા કિનારાના કાનમ દેશથી એક હરિભક્ત નામે અજુભાઈ પટેલ પણ આવેલા. અજુભાઈને શ્રીહરિ પ્રત્યે અસીમ પ્રેમ હતો. મહારાજ અમદાવાદ પધારવાના છે એ જાણી નવાવાસમાં એમના દર્શન માટે આવ્યા. શ્રીજી મહારાજ પાસે સભામાં આવી દંડવત કરવા લાગ્યા. પ્રભુ કહે : "અરે અજુભાઈ ! તમે ક્યાંથી ? તમારુ ગામ તો બહુ દૂર છે."

"મહારાજ ! અહીંના વેપારી મોહનભાઈ શેઠ મારા મિત્ર છે. એમના દીકરા ના લગ્ન છે એટલે એ પ્રસંગે આવ્યો છું. આપ અહીં પધાર્યા છો એટલે આપના દર્શન કરીને હવે લગ્નમાં જવું છે."

"લગ્ન ક્યારે છે ?" મહારાજે પૂછ્યું.

"હમણાં સાંજે લગ્નવિધિ શરૂ થવાનો છે." અજુભાઈ એ તક ઝડપી લીધી. એમણે મહારાજને એક વિનંતી કરી કે હે મહારાજ ! મે મોહનભાઈ શેઠ તથા ઘરના બધા લોકો ને તૈયાર કર્યા છે. મારુ કામ કાચું નહીં. બાઈ ભાઈની મર્યાદા જળવાય એવી પુરી વ્યવસ્થા કરીને આવ્યો છું. એમના ઘર આગળ મોટો ચોક છે. આપણા જેવડી જ ત્યાં સભા થઈ શકશે. અને કોઈપણ બહેન આગળ નહીં આવે. અમારા મિત્રને આપના દર્શનની અને આપના આશીર્વાદની ખૂબ આતુરતા છે. આપ સંતો સહિત લગ્નમાં પધારશો તો ખૂબ રૂડું થશે. આપણે જઈશું ત્યારે ગીતો ગાણાં બધું બંધ થઈ જશે.

મહારાજ સંતો સહિત અજુભાઈ સાથે મોહનભાઈ શેઠ ને ત્યાં પધારવા માટે તૈયાર થયા. શ્રીજી મહારાજની વાટ જોઈને શેઠ ઉભા હતા. પ્રભુ પધાર્યા એટલે હાર પહેરાવ્યો. વંદન કર્યા. લગ્ન મંડપની બાજુમાં મોટા આસન ઉપર શ્રીજી મહારાજને વિરાજમાન કર્યા. આગળ સંતો બેઠા. બાજુમાં હરિભક્તો બેઠા. મહારાજ અજુભાઈને કહે : "લગ્ન કોના છે ? અહીં બોલાવો, એને આશીર્વાદ આપીએ." ત્યાં મોહન શેઠ એમના દીકરાને લઈને આવ્યા. લગ્નનો પહેરવેશ છે. ભારે ભારે વસ્ત્રો છે. યુવાન સ્વામિનારાયણ ભગવાન પાસે આવીને હાથ જોડે છે. અજુભાઈ કહે, "આ રીતે નહીં, દંડવત કર." પેલાને દંડવત કરતાં આવડે નહીં છતાં ભગવાનના ચરણોમાં ભાવપૂર્વક દંડવત કર્યા. શ્રીહરિ ખૂબજ રાજી થયા. કંઠમાં પુષ્પનો હાર હતો એ પ્રભુએ સ્વયં વરરાજાને પહેરાવ્યો. આજે અનંતકોટી બ્રહ્માંડના રાજાધિરાજે સંસારના એક વરરાજાને હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. એનું તો કામ થઈ ગયું. પોતાના લગ્ન પ્રંસગે સાક્ષાત્ પુરૂષોતમનારાયણ પ્રત્યક્ષ આશીર્વાદ આપે એથી અધિક બીજું કયું પુણ્ય ? હાજર રહેલા સૌ જાનૈયા તથા હરિભક્તો આજે આ યુવાનના ભાગ્ય ઉપર ખૂબ હર્ષ પામ્યા.

યુવાનના પિતા મોહનભાઈ પણ ઉભા થયા અને મહારાજને દંડવત કર્યા. મહારાજ એમને કહે: "આ તમારા મિત્ર અજુભાઈ અમને અહીં લાવ્યા છે તમે એમાં રાજી તો છો ને ? " મોહન શેઠ ગળગળા બની ગયા. કહે : "મહારાજ ! અમારા દીકરાના લગ્ન અવસરે આપ પધાર્યા, આ મોટેરા સંતો આવ્યા છે તથા આ હરિભક્તો આવ્યા એથી વિશેષ અમારા ભાગ્ય બીજા ક્યા હોઈ શકે ? "

ત્યાં એક સંત મહારાજની પાસે આવી ધીમેથી કહે : મહારાજ અંધારુ થવા આવ્યું છે. સંધ્યા આરતીનો સમય થયો છે તો અમને રજા આપો તો, અમે બધા ઉતારે જઈને સંધ્યા આરતી નિયમો કરીએ. મોહન શેઠ કહે, સ્વામી શું કહે છે? મહારાજ બોલ્યા 'સંતોનો સાંજનો સમય થયો એટલે આરતી, ધુન્ય, નિયમ, ચેષ્ટા આ બધું કરશે."

"તે હે મહારાજ ! અહીં જ કરો ને ?"

"એ તો પાંચ છ ઘડી સુધી ચાલશે."

"અડધી રાત સુધી ચાલે તોય શું છે ? આરતી તથા બધો જ સંધ્યા વિધિ અહીંજ કરો. અમને સૌને આરતી દર્શનનો લાભ મળશે. "

મહારાજ શેઠના ભાવથી ખૂબ પ્રસન્ન થયા. સંતોએ આરતી પ્રગટાવી. અને મોટા સિંહાસન ઉપર શોભાયમાન શ્રી સહજાનંદ સ્વામીની આરતી ઉતારી. આરતીના દીપકનો પ્રકાશ શ્રીહરિના મુખારવિંદ ઉપર શત શત આભા પાથરી રહ્યો હતો. સૌ કોઈ મનમોહક મહારાજના સૌમ્ય વદનને વંદી રહ્યા. પછી તો એ જ લગ્ન મંડપમાં "રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ...." ની ધુન્ય થઈ. સંતોએ મધુર કીર્તનો પણ ગાયા.

"જીવન તારે આંગણીયે ઊભા રહ્યા
શ્રી મોહનપતિ પરબ્રહ્મરાય.....
અક્ષરપતિ આવિયા.
જીવન નીરખી ને નેણાં શીતળ થયા.

તન મન પ્રેમાનંદ વારી જાય .... અક્ષરપતિ આવિયા. જાણે પુરૂષોતમ-નારાયણ આજે વરરાજા બનીને પધાર્યા હોય એવો સુંદર લગ્નમંડપ શોભતો હતો. પછી સંતો વચનામૃત બોલ્યા અને અંતે ચેષ્ટા થઈ.

આ બધા જ નિયમોમાં એ મોહનશેઠ, વરરાજા, એમના ઘરના લોકો, આગંતુક જાનૈયા એ બધાં જ બેસી રહ્યાં. આવી અદ્‌ભૂત સંધ્યા આરતીનો અલૌકિક લાભ લીધો.

શ્રીજી મહારાજ પછી અજુભાઈને કહે : આજે તમે બહું મોટા માં મોટું પુણ્યનું કામ કર્યું છે. આ બાપ અને દીકરો એમની ત્રણ પેઢી નો ઉધ્ધાર થશે. ત્રણેય પેઢી ના જીવો અમારા ધામમાં આવશે. અને આમની પરંપરામાં સત્સંગ કાયમ રહેશે. અને એ બધાય ભક્તિ કરીને અમારા ધામને પામશે. અને એનું પુણ્ય અજુભાઈ તમને મળશે.

પિતા પુત્ર બંન્ને ને સત્સંગી કરીને પોતાના આશ્રિત બનાવીને સ્વામિનારાયણ ભગવાન એક પ્રહર પછી એટલે કે રાત્રે દશેક વાગ્યે સંતો સહિત નવાવાસમાં પધાર્યા.

સંસાર વ્યવહારનો આ લગ્ન અવસર આજે સાક્ષાત્ શ્રીહરિની ઉપસ્થિતિથી "અજબ અવસર" બની રહ્યો.

સત્સંગ ભાવવાહિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

મફતનું સોનું મોતનું કારણ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

શ્રાવણમહિનો એટલે ભક્તિની સીઝન. દરેક મુમુક્ષુજનો પોતાની શ્રધ્ધા અને ભાવના પ્રમાણે પોતાના ઈષ્ટદેવની પૂજા ભક્તિ વિશેષ પણે કરે. એમાં પણ શ્રાવણમહિનો એટલે મહાદેવજીની પૂજાનો સ્પેશિયલ મહિનો. સહુ કોઈ આ મહિના દરમ્યાન તો મહાદેવજીની પૂજા કરે જ. કોઈ સદ્‌ભાવથી કરે તો કોઈ નિષ્કામભાવથી કરે. પણ ભોળાનાથ બધા ઉપર રાજી થાય.

એકવાર ચાર જણા ભેગા થયા. ગાઢ મિત્રો, સંપ એવો કે તેમની મિત્રતા જોઈને અન્યને અદેખાઈ આવે, એવા મિત્રો. જાણે કે કોઈ કંપની ખોલવાની હોય તેમ સંપ કરીને ભેગા થયા ! આપણે શું કરીએ તો પૈસા મળે તેની ચર્ચા વિચારણા કરવા લાગ્યા. કોઈ કહે બ્રહ્માજીને તપ કરીને રાજી કરીએ, તો બીજા કહે ના... ના... વિષ્ણુંજી લક્ષ્મીપતિ છે. તેમને રાજી કરીએ એટલે સઘળું આવી જાય ! ત્યાં તો ત્રીજો કહે, ના... ના... શિવજી ભોળા છે થોડા તપથી રાજી થઈ જાય છે. અંતે ચારેય જણ તપ કરીને ભોળાનાથને રાજી કરવા એવા નિર્ણય પર આવ્યા. મહાદેવજી ભોળા પણ છે અને સીધા પણ છે. એટલે આપણો ઉદ્દેશ સિધ્ધ થશે.ચાલો મહાદેવજીને જ મનાવીએ.

શ્રાવણમહિનાથી શુભ શરૂઆત કરી. ગયા જંગલમાં, એક શિવાલય હતું નજીકમાં બીલીનું વૃક્ષ હતું. અને લગભગ સો પગલા દૂર નાનું એવું સ્વચ્છ સ્ફટિક જેવું જળનું તળાવ હતું. આ ચારેયે સંયુક્ત પ્રયાસ શરૂ કર્યો.

કોઈકે બીલીપત્ર એકઠાં કર્યા તો કોઈકે તળાવમાંથી પાણી ભરી લાવ્યા અને "ૐ નમઃ શિવાય" ના જયઘોષ સાથે આ ચારેય જણાએ જળ અને બીલીપત્ર ચઢાવવાના શરૂ કરી દીધા, પછી તો આ નિત્યક્રમ બની ગયો. આમને આમ છ માસ વીતી ગયા. નમઃ શિવાય, નમઃ શિવાય ના નાદ મંત્રથી આખું વાતાવરણ પવિત્ર બની ગયું. તન-મનમાં શાંતિ જણાવા લાગી, અને તેથી આ ચારેય જણે તપસ્યાની માત્રા વધારી દીધી. આ પ્રમાણે ચારેય જણની તપસ્યાથી ભોળાનાથને દયા આવી ગઈ. અને પાર્વતીજીને કહેવા લાગ્યા, "આ ચારેય જણ છેલ્લા છ માસથી સતત મારી ઉપાસના અને આરાધના કરે છે. હું પ્રસન્ન થયો છું. તો ચાલો, દેવી આપણે બન્ને ત્યાં જઈને તેમને દર્શન આપી તેમના મનોરથ પૂરા કરીએ." ભલે પ્રભુ, જેવી આપની આજ્ઞા.

ચારેય જણા મહાદેવજીને જળ-બીલી ચડાવે છે. પ્રભુએ દર્શન આપ્યા અને કહ્યું "તમે ચારેય બહુ ભક્તિભાવથી મારી પૂજા કરી છે. માંગો ... માંગો... જે માંગશો તે આપીશ. ચારેય જણ સાથે બોલ્યા. પ્રભુ ચારેય જણને સંયુક્ત વરદાન જોઈએ છે. ચારેય ને સોનું જોઈએ છે. મહાદેવજીએ કહ્યું, સોનું મેળવી તમે સુખી નહીં થાવ. ચારેય જણે હઠ પકડી બસ.. સોનુંજ આપો ... સારૂ .. મહાદેવજીનો સ્વભાવ છે. તથાસ્તુ ...! કહીને અદશ્ય થઈ ગયા. અને તત્ક્ષણ ચારેયની વચ્ચે એક મોટી સોનાની પાટ આવીને પડી. ઓ... હો... હો... લગભગ ૧૦ કિલોની તો હશે, આવડી મોટી પાટ જોઈને ચારેય જણ ખુશ થઈ ગયા. હાશ ! આપણી પાસે આટલું બધું સોનું આવ્યું. હવે જુઓ - મજા. "

ચારેય જણ સોનું લઈને પોતાના વતનમાં આવતા હતા. રસ્તામાં વિચારવા લાગ્યા. હવે શા માટે આપણે ભૂખ્યા મરવું પડે ! આપણે પાસે આટલું બધું સોનું છે. રસ્તામાં જલસા કરતાં કરતાં આપણે ગામ જઈશું.

ચારમાંથી બે જણા બોલ્યા, તમે બે જણ બાજુના ગામમાં જાવ અને ત્યાં સારામાં સારો કંદોઈ હોય તેની પાસે મીઠાઈ બનાવડાવી લાવો. અને અમે બે સોનાની ચોકી કરશું. એ બે જણાએ જમીનમાં થોડો ખાડો ખોધ્યો. અને તેમાં સોનું દાટી અને માટી ઉપર બેઠા અને વાતે વળગ્યા. આ બે કપાતરને આપણી સાથે ના લાવ્યા હોત તો સારૂ હતું. પાંચ-પાંચ કિલો સોનું આપણને બે જણાને મળત. હવે શું થાય ? અઢી અઢી કિલો જ ભાગે આવશે. એમને ભાગ તો આપવો જ પડશે ને ! ઓ.. હો.. હો.. કંઈક કરીએ.. એવું કાંઈક કરીએ કે એ બે જણને સોનું ના મળે. હવે એવું તે શું કરાય ? ના.. ના.. કાંઈક તો કરીએ. વિચારીએ.

હવે, બીજી બાજુ પેલા બે જણ કંદોઈની દુકાને ગયેલા એમને વિચાર આવ્યો કે પેલા બે જણને આપણી સાથે ભેળવ્યા એના કરતા આપણે બે જણે તપ કર્યું હોતને તો બધું સોનું આપણું હોત !! પણ હવે એ બે માં તો કાંઈ દમ નથી પણ

સરખે ભાગે આપવું પડશે ને ! આપણે એવો રસ્તો કાઢીએ કે એ સોનું આપણને બે ને જ મળે.

કંદોઈની દુકાનેથી લાડું લીધા. અને રસ્તામાં આવતી ગાંધીની દુકાને થી ઝેર લીધું. કાતીલ ઝેર હો... અડધા લાડું ભાંગ્યા અને એમાં ઝેર ભેળવી દીધું. પાછા હતા તેવા વાળી ઉપર ખસખસ ચોપડી દીધી. જેથી ખ્યાલ આવે કે ખસખસવાળા લાડું ખાસ મસાલાવાળા છે. આ લાડું આપણે તેમને ખવડાવીશું એટલે પૂરા થઈ જશે. બસ, સોનું પછી આપણું.

લાડુ લઈને પહોંચ્યા એટલે પેલા બે જણ બોલ્યા, હાંશ આવી ગયા. બહું સારૂ થયું. હવે ભેગાભેગું આ બાજુની વાવમાંથી પાણી પણ ભરી આવો. એટલે પછી ચારેય જણ જલસાથી જમવા બેસીએ. જેવા પેલા બે વાવમાં ઉતર્યા કે ઉપરથી બન્ને જણે મોટા પથ્થર ફેંક્યા. બન્નેના માથાં ફુટી ગયા બન્ને જણ ત્યાંજ પૂરા થઈ ગયા. પછી આ બે જણ બેઠા. અને નિરાંતે પડીકા ખોલ્યા. મીઠાઈના લાડુ જોયા. જોતા જ બોલ્યા હં... જોયું કેવા બદમાશ છે !... પોતાના માટે ખસખસવાળા લાડુ લાવ્યા છે અને આપણા માટે સાદા બનાવડાવ્યાં છે. એ જ લાગના હતા. અને એ ખસખસવાળા લાડુ આ બે જણે ખાધા અને શું થયું ? ભોળાનાથે કહ્યું હતું કે તમને સોનું મળશે પણ સુખ નહીં મળે, સુખી નહીં થાવ.

મિત્રો ! વાર્તા વાંચી ! સરસ લાગીને ? તો યાદ રાખજો કે રાજા રાવણની આખી લંકા સોનાની હતી પણ કામ ન લાગી. હનુમાનજીએ બાળી દીધી. દ્વારિકા આખી સોનાની હતી પણ કામ ન લાગી. ભગવાને દરિયામાં ડુબાડી દીધી. માટે જો સુખી થવું હોય તો સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં એકસો ચાલીસમાં શ્લોકમાં શીખવાડ્યું છે કે "પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો ઉધમ શક્તિ, સામર્થ્ય પ્રમાણે કરવો". મહેનત કરવી. એમાંથી જે મળે તે આપણને સુખી કરે છે. એટલે જ તો કહેવત પડી કે "મહેનતના ફળ મીઠાં" તો ભગવાનને પ્રાર્થના, તપ જરૂર કરજો પણ પ્રત્યક્ષ સોનું ન માગતા, ઉધમ માંગજો અને એમાંથી જે મળશે તે સોનાથી પણ અધિક સુખી કરશે.

●

તપ કરવાથી વિદ્યા મળે ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જૂના જમાનાની વાત છે. પહેલા ઋષિમુનિઓ જંગલમાં રહેતા. જંગલમાં આશ્રમ બનાવી ત્યાં નિવાસ કરતા. યવક્રિત નામે એક યુવાન હતો. તેણે પણ એમ વિચાર્યું કે મારે વિદ્વાન થવું છે. વિદ્યાના પારને પામવું છે. સૌથી શ્રેષ્ઠ થવું છે. પણ પુસ્તક હાથમાં પકડવું નથી. આ યવક્રિત ભરદ્વાજ ઋષિનો પુત્ર હતો. આ યવક્રિતના આશ્રમની નજીકમાં જ રેભ્યમુનિનો આશ્રમ હતો. રેભ્યમુનિ ખૂબજ વિદ્વાન હતા. તેમના બે પુત્રો હતા. એકનું નામ પરાવસુ અને બીજાનું નામ અર્વાવસુ. આ બન્ને ભાઈઓ પોતાના પિતા પાસેથી નાનપણથી જ ખૂબ વિદ્યા અભ્યાસ કરીને વિદ્વાન બન્યા હતા. આ યવક્રિતએ અર્વાવસુ અને પરાવસુનો ખાસ મિત્ર હતો. તે તેમની સાથે રમતો. જંગલમાં ફરવા જતો. પવિત્ર નદીમાં સ્નાન કરવા જતો. પણ ભણતો નહીં જેથી તે અભ્યાસ વગર અજ્ઞાની રહી ગયેલો.

સમય સમયની વાત છે. ધીમે ધીમે સમય જતાં આમંત્રણો આવા લાગ્યા કોના માટે ? ખ્યાલ છેને. બન્ને ભાઈઓ માટે ! પરાવસુ અને અર્વાવસુ માટે ! કારણકે તેમને પોતાના પિતા રેભ્યમુનિ પાસે અભ્યાસ કર્યો હતો. તેમના માટે રાજા-મહારાજાઓના આમંત્રણો આવે. તેમના માટે હાથી-રથ પાલખી આવે. આવું ભવ્ય સન્માન થતું જોઈ યવક્રિતને ઈર્ષ્યા થતી. મારી સાથે મોટા થનાર બન્ને ભાઈની આજે વાહ વાહ થવા લાગી છે. અને હું અહીં જંગલમાં રખડ્યા કરૂ છું. મને કંઈ પ્રાપ્તિ થઈ નહીં. પણ મને ખબર છે એમની વાહ વાહનું કારણ એમની પ્રગતિનું કારણ શું છે. આટલો બધો આદર સમાજમાં તેમનો કેમ થાય છે એ પણ મને ખબર છે. વિદ્વતાથી આ બધી પ્રાપ્તિ થઈ છે. એક માત્ર વિદ્વતાના કારણે આજે પૂજાય છે. હવે મારે પણ વિદ્યા પ્રાપ્ત કરીને મોટા વિદ્વાન બની જવુ છે. મારે પણ મારી વાહ વાહ કરાવવી છે. મારે પણ એમની જેમ જગતમાં પૂજાવું છે. પણ મારે પુસ્તક નથી પકડવું. મારે ગુરુની સેવા નથી કરવી. મારે તો તપના બળે આગળ વધવું છે. અતિકઠોર તપ કરીને હું વિદ્યાની પ્રાપ્તિ કરીશ. વિદ્વાન થઈશ.

યવક્રિતે તપની શરૂઆત કરી. ઈન્દ્રને પ્રસન્ન કરવા અતિ કઠોર તપ કરવા લાગ્યો. પ્રથમ તબક્કે દિવસમાં એક વખત ભોજન કરી તપ શરૂ કર્યું. પછી આહાર બંધ કરી ફક્ત પાણી પીને તપ કરવા લાગ્યો. ઠંડી-ગરમી-વરસાદ સહન કરવા લાગ્યો. પછી તો વાયુ ભક્ષણ કરીને તપ કર્યું. આવું કઠોર તપ ઈન્દ્ર પર કર્યું. ઈન્દ્ર પ્રસન્ન થયા. અને કહ્યું માંગ માંગ તારે શું જોઈએ છે. આટલું કઠોર તપ શાના માટે કર્યું ? યવક્રિતે કહ્યું મારે વગર ભણે વિદ્વાન થવું છે. મારે પુસ્તક વાંચવા નથી અને મારે વિદ્રાન થવું છે. ઈન્દ્રએ કહ્યું "વરદાનથી વિદ્યા નથી મળતી. મહેનત કર, ગુરુની સેવા કર". ઈન્દ્રતો આટલું કહીને પછી ચાલ્યા ગયા. યવક્રિતે

હઠ પકડી મારે તો તપથી જ વિદ્યા મેળવવી છે. હઠાગ્રહી યવક્રિતે ફરીથી ઈન્દ્ર ઉપર તપ શરૂ કર્યું.

એટલા જ ઉત્સાહથી તપ કરવા લાગ્યો. જેટલો પહેલા હતો. પણ એ સમજતો નથી. એને સમજાવે કોણ કે વિદ્યા અભ્યાસ મહેનત કરવાથી મળે, ગુરુની સેવા કરવાથી મળે, તપ કરવાથી નહીં.યવક્રિત નિત્ય તપની શરૂઆત કરતા પહેલા દરરોજ ગંગા કિનારે સ્નાન કરવા જતો. ત્યાં તેણે એક દશ્ય જોયું. એક વૃધ્ધ બ્રાહ્મણ ધરતી પરથી મુઠ્ઠી માટી લઈને ગંગાના વેગીલા પ્રવાહમાં નાખતો. વારંવાર મુઠ્ઠી માટી લે અને પ્રવાહમાં નાખે. આ જોઈને યવક્રિતે કહ્યું "એ ડોસા શું કરો છો ?" આ વૃધ્ધે યવક્રિત સામું ધ્યાન ન આપતા પોતાનું કામ ચાલુ રાખ્યું. યવક્રિતે ફરી થી પૂછયું એ ડોસા શું કરો છો ? પણ એ વૃધ્ધતો પોતાના કામમાં જ રચ્યા પચ્યા હતા. એટલે યવક્રિતે તેનો હાથ પકડીને ઉભા રાખ્યા. અને પૂછયું કે આ શું કરો છો તમે ? ત્યારે આ વૃધ્ધ કહે છે. ગંગા પાર કરવી છે. અને પાણીનો પ્રવાહ વધતો જ જાય છે. વધતો જ જાય છે. તો ગંગા પાર કરવામાં તકલીફ પડે તેમ છે. માટે આ મુઠ્ઠી ભરી ભરીને માટી નાંખીને બંધ કરી દઈશ. એટલે માટીના બંધથી આરામથી ગંગા પાર થઈ જશે. બંધ પણ બની જશે. યવક્રિત ખૂબ જ ઉચ્ચ સ્વરેથી હસવા લાગ્યો. અરે ડોસા, અક્કલ નથી કે શું ? આમ તો હજારો જન્મે પણ તું ગંગા પર બંધ નહિ બાંધી શકે. આ શક્ય જ નથી. સાવ અશક્ય બાબત છે. તેમ બોલી ફરી આ વૃધ્ધ પર હસવા લાગ્યો. ત્યારે આ વૃધ્ધે કહ્યું કે તું જો વગર ભણે વિદ્વાન થઈ શકતો હોય તો હું મુઠ્ઠી મુઠ્ઠીએ બંધ કેમ ન બાંધી શકું ? વિદ્યાની સાધના આગળ તપની સાધના મુઠ્ઠી રેત બરોબર. યવક્રિતનું મગજ ઠેકાણે આવી ગયું. વાત સાવ સાચી છે. ખોટી નથી. આ વાત સમજાવવા માટે ઈન્દ્રે એ વૃધ્ધનું રૂપ ધારણ કર્યું હતું. આ વૃધ્ધ બીજું કોઈ નહીં પણ ઈન્દ્ર પોતે જ હતા. પછી તો ઈન્દ્રએ યવક્રિતને કહ્યું જા તું વિદ્વાન બનીશ. ભણવા માંડ, અભ્યાસ કર, ગુરુની સેવા કર, મહેનત કર, સરસ્વતીજી તારી ઉપર રાજી થશે.પછી તો યવક્રિતે પણ પોતાના પિતા ભરદ્રાજ ઋષિ પાસે જઈને અભ્યાસ કર્યો અને ભણીને વિદ્વાન બન્યો.

તો મિત્રો ! તમને ખબર પડીને કે વિદ્યા કેવી રીતે પ્રાપ્ત થાય. અભ્યાસથી બરાબરને ? તો ધ્યાન રાખજો પુસ્તક પૂજવાથી એટલે કે કંકુ ચોખા ચોટાડવાથી વિદ્યાની દેવી સરસ્વતીજી રાજી થતી નથી.પણ પ્રત્યેક પાનાનો ઉપયોગ કરવાથી વાચન-અભ્યાસ કરવાથી રાજી થાય છે. માટે મહેનત કરો. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે "જે માણસ મહેનત કરે છે તેના ઉપર જ ભગવાનની કૃપા થાય છે. આળસુ ઉપર નહિ. અને શિક્ષાપત્રીમાં પણ પ્રભુએ બુધ્ધિ પ્રમાણે શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિદ્યા ભણવી અને ભણાવવી એમ આજ્ઞા કરી છે." માટે જો સારા ડોકટર, એન્જીનીયર, એમ. બી. એ, કે એમ. સી.એ, સી.એ. થવું હોય તો ભગવાનને યાદ કરી બરાબર મહેનત કરજો.

●


દૃઢ આશરાનું બળ

- રાજદિપ ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ)

એકવાર દુનિયાનો શ્રેષ્ઠ તત્વચિંતક ટોલસ્ટોય એક વિચાર સાથે ટહેલતો ટહેલતો જતો હતો. ત્યાં તેણે એક ગરીબની તુટેલી ઝૂંપડી જોઈ. તેને થયું આજે આ ઝૂંપડીમાં જે રહેતું હોય તેની મુલાકાત લેવા જાઉં. તેમાં જ્યાં દાખલ થયો તો અંદર એક નાનો આશરે ૧૪ વર્ષની ઉમંરનો બાળક બેઠો હતો. તેના ફાટેલ તૂટેલ કપડાં તેની ગરીબીની સાક્ષી પુરતા હતા ! પણ બાળક લાગ્યો તેજસ્વી જેવો ! ટોલસ્ટોયે તેને પૂછ્યું તું કેવો ગરીબ છે ! કે જાણે માલેતુજાર (પૈસાદાર) ? તરત તેણે જવાબ આપ્યો, મારા જેવો માલદાર આજે કોઈ નથી. ટોલસ્ટોય કહે તારી આ તુણની ઝૂંપડી તૂટુંતૂટું થઈ રહી છે. તારા કપડાં ફાટેલ, તારી ગોદડી ફાટેલી છે ને તું કેમ કહે છે હું માલદાર છું ? તેણે કહ્યું ગમે તેવી મારી ઝૂંપડી કે મારા કપડા ને ગોદડી હોય પણ આજે તે તૂટેલ ઝૂંપડીમાં તમારા જેવા મહાપુરુષ આવે, તો તેનાથી વધારે મારે માટે અધિક પૈસાવાળુ શું હોઈ શકે ? ટોલસ્ટોય તે વાત સાંભળી ખુશ થઈ ગયો. શું વાત છે ? તને તારી ગરીબાઈ કરતા મારું મહત્વ આટલું બધું છે. બોલ બોલ તારે શું જોઈએ ? એમ કહી તે જ દિવસથી તેની ગરીબાઈ ખરેખર દૂર કરી દીધી !

આપણે પણ આ ઉપરથી સમજવાનું છે કે આપણે ગમે તેવા કંગાલ ભલે હોઈએ પણ આપણને માધુરી મૂર્તિમાં સાક્ષાત્ સર્વોપરિ શ્રીજી મહારાજ મળ્યા છે. પ્રગટ પુરુષોત્તમ મળ્યા છે. શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મળ્યા હોય, આવા બાલ ઘનશ્યામ સ્વરૂપ પૂ. લાલજી મહારાજ મળ્યા હોય, આવા પ.પૂ.મહારાજશ્રી દીક્ષીત સંતો મળ્યા હોય પછી આથી વધારે સુખ ક્યુ હોય ? આપણે અનંત અને અખંડ સુખના ભોગી થયા છીએ. આપણાથી વધુ કદાચ કુબેરનું ધન પણ ન કહેવાય. પછી આ લોકને પરલોકના શાશ્વત સુખના અધિકારીને હવે શું બાકી રહે !

??????????????પ્રશ્નપેટી??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્થાને કયા બે આચાર્ય મહારાજશ્રીની સ્થાપના કરી. અને ક્યારે કરી ? અને ક્યાં કરી ?

પ્રશ્ન : ૨ હરિશ્ચંદ્ર રાજા સત્ય રાખવા માટે કોને ત્યાં વેચાણાં હતાં ?

પ્રશ્ન : ૩ ગઢડે શ્રીજી મહારાજની સેવામાં રૂા. ૧૦૦, સંતને રસોઈના રૂા. ૨૦૦, કડીયાના પગારના રૂા. ૩૦૦, આપીને શ્રીજી મહારાજને રાજી કર્યા આમ આવી સેવા ક્યા ગામના ભગતે કરી હતી ?

પ્રશ્ન : ૪ જેતલપુરમાં એક વેશ્યાએ યજ્ઞના ઘંઉ દળી આપતાં ભગવાને કલ્યાણ કર્યું. તો તે વેશ્યાનું નામ શું હતું ?

પ્રશ્ન : ૫ લોધીકાના દરબાર ભાઈના પુત્ર અભેસિંહજીને દૂરાચાર મુકાવી સત્સંગી બનાવ્યા. તે ક્યા સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો ?

પ્રશ્ન : ૬ "જાણી પોતાના રે, સેવક જન અવિનાશી તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી."
- સ્વાભાવિક ચેષ્ટાના ક્યા પદની કડી છે.

પ્રશ્ન : ૭ "માતા જશોદા રે, મેલો ઘર માહરે રે, કહાનજીને મહીડું વલોવવા કાજ."
આ પદના રચયિતાનું નામ જણાવો અને આ પદ ક્યાં પ્રસંગને જોઈ બનાવ્યું છે.

ઓગસ્ટ-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) શિક્ષાપત્રી શ્લોક નં. ૩૭માં આવું સૂચન કર્યું છે. (૨) ૧. જવ, ૨. જાંબુ, ૩. વજ્ર, ૪. અંકુશ, ૫. કેતુ, ૬. પદ્મ, ૭. ઉર્ધ્વરેખા, ૮. અષ્ટકોણ, ૯. સ્વસ્તિક, ૧૦. કળશ, ૧૧. વ્યોમ, ૧૨. અર્ધચન્દ્ર, ૧૩. ગોપદ, ૧૪. ધનુષ્ય, ૧૫. ત્રિકોણ, ૧૬. મીન. (૩) કથા સાંભળવી, કથા વાંચવી, ભગવાનના ગુણનું કીર્તન કરવું, પંચામૃતે કરીને ભગવાનની મહાપૂજા કરવી, ભગવાનનો મંત્રનો જપ કરવો સ્તોત્રનો પાઠ કરવો, પ્રદક્ષિણા કરવી તથા સાષ્ટાંગ નમસ્કાર કરવા એ આઠ વિશેષ નિયમના નામ છે. શ્લોક ૭૭, ૭૮. (૪) રામાનંદ સ્વામીને ગુરુ કર્યા, ૧. તમારા સત્સંગીને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક-એક રૂંવાડે કોટી-કોટી વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે દુઃખ ન થાઓ અને બીજું તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપતર લઈને માંગી ખાવાનું હોય તો તે મને આવે પણ તમારા સત્સંગી અન્ન, વસ્ત્રે કરીને દુઃખી ન થાઓ. (૫) ૧. બ્રહ્મચર્યાશ્રમ, ૨. ગૃહસ્થાશ્રમ, ૩. વાનપ્રસ્થાશ્રમ, ૪. સંન્યાસાશ્રમ. (૬) ૧. કુડાપંથી, ૨. શક્તિપંથી, ૩. શુષ્કવેદાંતી, ૪. નાસ્તિક. (૭) ૧. કુટિચક, ૨. બહુદક, ૩. હંસ, ૪. પરમહંસ.

૧. ઠક્કર ઘનશ્યામભાઈ બી. (સાકોદરા)
૨. અમરસીભાઈ વી. વિઠ્ઠલાપરા (નવસારી)
૩. વિષ્ણુભાઈ પટેલ (સીતાપુર)
૪. ન.ના. યુવક મંડળ (સીતાપુર)
૫. શ્રી સ્વા.મંદિર બહેનોનું (ધોળી)
૬. લાલજી આર. ઠક્કર (ઓઢવ)
૭. કેયુર પ્રવિણભાઈ રાદડીયા (ઓઢવ)
૮. સાં. રંજનબા તથા નાનીબેન (સ્વામિનારાયણ મંદિર ઓઢવ)
૯. મધુબેન અશોકભાઈ (ઓઢવ)
૧૦. તારાબેન નરેન્દ્રકુમાર (ઊંઝા)
૧૧. વિકિતાબેન નરેન્દ્રકુમાર (ઊંઝા)
૧૨. સવિતાબેન કાંતિભાઈ (ઓઢવ)
૧૩. માણેકબેન/શિલ્પાબેન એમ. પટેલ (દહેગામ)
૧૪. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૫. ભાવસાર કોકિલાબેન એચ. (અમદાવાદ)
૧૬. પટેલ માર્ગેશ અજયભાઈ (નાંદોલ)
૧૭. શુભદ્રાબેન પટેલ (નાંદોલ)
૧૮. વિનોદ પી. પટેલ (વહેલાલવાળા)
૧૯. ક્રિષ્ના,ખુશી,અજય,જીગર,વરૂ (મોગરાવાડી)
૨૦. મહંત સ્વામી શ્રીરંગદાસજી (સિધ્ધપુર)
૨૧. અરવિંદાબેન એન. ભાવસાર (અમદાવાદ)
૨૨. વીણાબેન આર. ભાવસાર
૨૩. મુદુલાબેન બી. સોની (નવાવાડજ)
૨૪. પટેલ ઉર્મિલાબેન, રેખાબેન (નવાવાડજ)
૨૫. પટેલ ગૌરીબેન ત્રિભોવનભાઈ (નવાવાડજ)
૨૬. પટેલ ત્રિભોવનબાઈ એલ. (નવાવાડજ)
૨૭. ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૮. હસુબેન ઠક્કર (મણીનગર)
૨૯. સાં.યો. મંજુબા, ભારતીબા (હવેલી)
૩૦. ખીચડીયા રિન્કુ એન. (બાપુનગર)
૩૧. અમૃતલાલ મોદી (અમદાવાદ)
૩૨. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૩૩. પટેલ મેઘાબેન કમલેશભાઈ (કુહા)
૩૪. પટેલ હેતલબેન મયુરકુમાર (કુહા)
૩૫. સાં. ઉષાબેન, શિલ્પાબેન (સુરેન્દ્રનગર)
૩૬. વર્ષાબેન અરવિંદભાઈ સોની (અમદાવાદ)
૩૭. સુભદ્રાબેન રમેશભાઈ પટેલ (કનીપુર)
૩૮. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૩૯. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪૦. કોકિલાબેન નટવરભાઈ પટેલ (મેમનગર)
૪૧. પટેલ પ્રવિણભાઈ એમ. (અમદાવાદ)(ફૂલવાળા)

નોંધ :પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

।। ભક્તિસુધા ।।

ભગવાનમાં દ્રઢ વિશ્વાસ

- સાંખ્યયોગી કમળાબા -
કોકીલાબા

પરમાત્માની પ્રતિજ્ઞા છે જે શ્રધ્ધા અને વિશ્વાસથી મારું ચિંતવન કરે, મારી ભક્તિ કરે એનો યોગ અને ક્ષેમ હું નિભાવું છું. યોગ એટલે પ્રાપ્ત થયેલું. ક્ષેમ એટલે પ્રાપ્ત કરવાનું. બીજો અર્થ સંસાર અને મોક્ષ ,મારા ભક્તની એ બન્ને જવાબદારી હું વહન કરું છું. મારા ભક્તના ચોપડા હું જ રાખું છું. સંસારમાં મારા ભક્તોને ક્યારેય પણ દુઃખી થવા દેતો નથી.

સ્વામિનારાયણ ભગવાને પોતાનું વરદાન જાહેર કરેલું કે મારા ભક્તોની અન્ન-વસ્ત્રની વ્યવહારની તમામ ચિંતા મારા માથે રાખું છું. મારા ભક્તો સદા સુખી રહેશે ભગવાન ભક્તની તમામ જવાબદારીઓ સંભાળે છે.

મહારાષ્ટ્રમાં એકનાથજી બહુ મોટા સંત થઈ ગયા. એકનાથજી અને એમના પત્ની એમ ઘરમાં બેજ જણ. પણ પ્રવૃત્તિ ખૂબજ રહેતી. જેમાં ગંગાથી પાણી ભરી લાવવું, રસોઈ કરવી, વાસણ માંજવા, કોઈપણ અતિથિ આવે એને જમાડવા વગેરે અનેક કામોથી એકનાથજી અને એમના પત્ની નવરા જ ન થાય. ભગવાને વિચાર કર્યો હવે અમે એની પાસે જઈએ. જોઈ લો ઈશ્વર કેવા રૂપે આવે છે ! પોતાની પ્રતિજ્ઞા છે કે દ્રઢ ભાવથી જે મારી ભક્તિ કરે એનો વ્યવહાર અને મોક્ષ એ બંને હું સંભાળું છું. ભગવાન એકનાથજીનો વ્યવહાર સંભાળવા આવે છે.

એકનાથજી ઓસરીમાં બેઠા છે. એમના પત્ની ઘરમાં રસોઈ કરતા હતા ત્યાં વીસેક વરસનો એક યુવાન આવીને બારણે ઉભો રહ્યો. બાબા મારે નોકરી જોઈએ છે. તારે નોકરી કરવી છે ? મારે એક બે શેઠીયા ઓળખીતા છે એને કહીશ. બાબા મારે કોઈ શેઠીયાની નોકરી નથી કરવી. મારે તો તમારે ત્યાંજ નોકરી કરવી છે. તમારે ત્યાં મને રાખો. મારે ત્યાં તો અમે બે જણ હરિનામ લઈએ છીએ અને ગાડું ગબડાવીએ છીએ. અને તને ખબર છે ? મારૂ નામતો બધે સંભળાય છે. પણ તને ખબર નહીં હોય મારી પાસે પગારનું નામ નિશાન ન મળે. આવકનું ઠેકાણું નથી. પણ બાબા મારે પગારની ચિંતા નથી. મને ખાવાતો આપશો ને ?

એકનાથજી કહે છે કે ખાવાતો આપશું. તો તમારે ત્યાંજ નોકરી કરવી છે. મને ફક્ત ખાવા આપજો. મારે બીજું કાંઈ નહિ જોઈએ. એકનાથજી પ્રભુની આ લીલાને સમજી ન શક્યા. એને એમ લાગ્યું કે ખરેખર કોઈ ગરીબ છે અને બિચારો દુઃખી હશે. એ પણ અમારી સાથે ખાશે પીશે ને ભજન કરશે. એક કરતા બે ભલા. આવો-હરિનામ લેતા લેતા જાઓ. બાંટકે ખાના ઔર વૈકુંઠ જાના. જે છે એમાંથી વહેંચીને ખાઈશું.

આ વીસ વરસનો જુવાન એકાનાથજીના પત્નીને કહે છે. તમે બેસો બા. ભજન કરો. મને બહું સરસ રસોઈ કરતા આવડે છે, રસોડામાં જઈને એકનાથજીના પત્ની કહે જો આ ડબામાં લોટ છે. આ ડબામાં દાળ ચોખા છે. અને કોલસા બહાર પડ્યા છે. સગડી અહિંયા રહે છે. બા તમે કાંઈ ચિંતા ન કરો મને બધી ખબર છે. હું બધું જ શોધી લઈશ. એકનાથજી પાસે જઈ એમના પત્ની બેઠા. અને કહેવા લાગ્યા કે આ નોકર બિચારો સજ્જન માણસ લાગે છે. કહે છે કે હું બધું જ કરીશ તમે ભજન કરો. એકનાથજી કહે એને રસોડામાં બધું બતાવજે. એમના પત્ની કહે એ કહે છે કે બધી ચીજો હું શોધી લઈશ. આ રીતે વાતો ચાલતી હતી ત્યાં તો થાળીઓ પીરસાઈને આવી ગઈ ! લો જમો. આટલીવારમાં તેં રસોઈ બનાવી નાખી ! હા, શેઠ મને જલ્દી રસોઈ કરતા આવડે છે.

એકનાથજી અને એમના પત્ની બંને ઓસરીમાં બેઠા બેઠા જમે છે. અને એ પરમાત્મા વિશ્વંભર ઉંબરે ઉભા છે. જે જુએ છે કે થાળી માં ઓછું થાય એટલે પીરસું. રસોઈયા મહારાજ તરીકે જમાડે છે. એકનાથજી અને એમના પત્ની શાંતિથી જમે છે. આવી જીંદગી કોને મળે !

પરમાત્મા વ્યવહાર સંભાળે ત્યારે ગજબ કામ કરે છે. એકતો રસોડું સંભાળ્યું અને બીજા ઘરના અનેક કામો, જેવા કે, ઘરમાં પોતું કરવું, વાસણ માંજવા - કપડાં ધોવા, એટલું જ નહિ ગંગાથી પાણી ભરી લાવવાનું કામ

સંભાળી લીધું. પરમાત્માં એકનાથજીના ઘરમાં બધા જ કામ કરે છે. પૂજામાં ચંદન ઘસી દે, ફુલ લાવી હાર તૈયાર કરી આપે, ગંગામાંથી પાણીનું કાવડ ભરી લાવે. આવું બધું જ નોકરની જેમ પરમાત્મા કામ કરે છે.

એક દિવસ પરમાત્માનું આ કપટ પકડાઈ ગયું. બરાબર ઝડપાઈ ગયા. વાત એમ બની, રાત્રીના સમયે એકનાથજી અને એમના પત્ની ઓસરીમાં સૂતા હતા અને આ નોકર રસોડાની પાછળ ગેલેરીમાં પડી રહેતો. ભગવાનનું નોકર તરીકેનું નામ શ્રીખંડી હતું. શ્રીખંડી તરીકેના પરમાત્માના નામને ત્યાં ખંડ્યા કહીને બોલાવતા હતા. એ રાત્રે એકનાથજીના પત્નીને કોઈ વસ્તુની જરૂર પડી જેથી રસોડામાં લેવા ગયા તો ત્યાં રસોડાની પાછળ ગેલેરીમાં શ્રીખંડી સૂઈ રહેતો ત્યાં પ્રકાશ દેખ્યો ! આટલો બધો પ્રકાશ ! એમના પત્ની વિચારમાં પડ્યા ! આ કોઈ ફાનશનો પ્રકાશ નથી કે દિવાનો નથી. પણ જ્યાં બારીમાંથી જોયું તો સાક્ષાત્ પરમાત્મા ચતુર્ભુજ રૂપે પોઢેલા જણાયા ! અને કામ કરીને થાકી ગયેલા પ્રભુના ચરણ લક્ષ્મીજી દબાવતા હતા.

આ દિવ્ય અલૌકિક દશ્ય જોઈને તેમણે પતિને જગાડ્યાં અને કહ્યું જલદી દોડો. પણ પછી જોયું તો શ્રીખંડીયો ઘસઘસાટ ઉંઘતો હતો. પત્ની કહે મને આવું સ્વરૂપ !!! પછી બન્ને જણાએ રાત્રે પ્રભુને વિનવતા નમ્ર પ્રાર્થના કરી હે પ્રભુ માફ કરો. ત્યારે પ્રભુએ પ્રસન્ન થઈને પોતાના ભક્તને સઘળી હકીકત કહી અને તે બન્ને પર ખૂબજ પ્રસન્ન થઈ અભય વરદાન આપ્યું.

●

ભગવાનને કેવા જાણવા

– ક્રિષ્નાબેન બારેવડિયા

એકવાર શ્રીજી મહારાજ ગામ ઉપલેટા-ધોરાજીથી સવારમાં પધાર્યાને મોજ નદીમાં દરબારગઢના કોઠા નીચે નાળું બાંધેલું હતું ત્યાં છીપર ઉપર બેસીને સ્નાન કર્યું અને વસ્ત્ર બદલાવીને ગામમાં નથુ બારૈયાને ઘેર પધાર્યા. જ્યાં ઘરમાં ગયા ત્યાં સુધી બાઈ તથા મલાઈ બાઈ શિરામણ કરતા હતા. ત્યારે મહારાજે કહ્યું શું કરો છો ? ત્યારે સુધીબાઈ બોલ્યા, હે મહારાજ અમે શિરામણ કરીએ છીએ. ત્યારે મહારાજ કહે. અમને પણ શિરામણ આપો ખૂબજ ભૂખ લાગી છે. ત્યારે સુધીબાઈ કહે મહારાજ અમારા હાથ એઠા છે. માટે આ ઉટકેલ ઠામણામાં તમારા હાથેંથી કોઠલામાંથી દહીં લીયો ને આ ચૂલા ઉપર ઘેંશનું હાંડલુ પડ્યું છે તેમાંથી ઘેંશ લીયો. ત્યારે મહારાજે કોઠલામાંથી તાંસળીમાં દહીં લીધું ને હાંડલામાંથી ઘેંશ લીધી ને જમવા માંડ્યા. ત્યારે તે બાઈયો જમી રહ્યા. એટલે સુધીબાઈએ કઢેલું દૂધનું દોણું લઈને મહારાજને દૂધ દેવા આવ્યાને કહ્યું દૂધ લેશો મહારાજ ? ત્યારે મહારાજે હા પાડી. એટલે બાઈએ દૂધ આપતા તર આડી આંગળી રાખી. એટલે મહારાજ કહે તર આવવા દીયો. ત્યારે બાઈ કહે, મહારાજ સવારે હાથ ફરે નહીં. કારણ કે તેમાં ઘી રહેલ છે. ત્યારે મહારાજ કહે એમ હોય તો રાખો. એટલે બાઈએ આડી આંગળી રાખીને દૂધની તાંસળી ભરી દીધી. ત્યારે મહારાજ દૂધ અને ઘેંશ સારી પેઠે જમ્યાને પછી ખાટલે બેઠા. પછી સુધીબાઈને કહ્યું કે તમે અમને કેવા જાણો છો ? ત્યારે તે બાઈ કહે, મહારાજ તમે તો અમારા ગુરુ છો. ત્યારે મહારાજ કહે હમણા તો અમે સોંધા છીએ. પણ જ્યારે મોટામોટા રાજાઓ તથા શાહુકારોને સત્સંગ થાશે ને અમે મોટા સમૈયા કરીશું ને હજારો સાધુ હરિજનો ભેગા થાશે ત્યારે તો તમને અર્ધાગાઉ દૂરથી પણ અમારા દર્શન માંડમાંડ થાશે. એમ બે ઘડી વાતો કરીને મહારાજ ચાલી નિકળ્યા.

●

હરબાઈ - વાલબાઈ

– તરલાબેન અતુલભાઈ પોથીવાલા

લોજમાંથી મહારાજે ગામેગામ પત્રો લખાવ્યા હતા. તેથી ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડથી હજારો હરિભક્તો પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરવા કાલવાણી આવ્યા.

એકાદશીને દિવસે વહેલી સવારે નદીએ સ્નાન કરી આવી, પૂજા કરી, સભા કરીને મહારાજ બેઠા. મોટેરા સંતો માટે આજુબાજું ગાદી તકિયા મૂકાવ્યા હતા. તેવામાં વાલબાઈ અને હરબાઈ આવ્યાં અને સીધાં જ જઈને ગાદીતકિયે ચડી બેઠાં.

તેમનાં બાઈ ભાઈ પણ આજુબાજુ વીંટળાઈને બેસી ગયાં. વાલબાઈ કણબી હતા અને શિષ્ય હરબાઈ જ્ઞાતે કુંભાર હતા. બંને આત્માનંદ સ્વામીની શિષ્યાઓ હતી. બહુ જ્ઞાની પરંતુ ભારે અભિમાની. છતાં રામાનંદ સ્વામીએ તેમને નભાવી રાખેલી.

મહારાજની સભામાં પુરુષો અને સાધુઓની વચ્ચે ગાદીતકિયે આ બંને બાઈઓ ચડી બેઠી, તેથી સંતો ઉઠીને

ચાલ્યા ગયા. આથી મહારાજે ખૂબ વિવેકપૂર્વક બંને બાઈઓને કહ્યું, "તમે આમ કેમ વર્તો છો ? ત્યાગી સ્ત્રીનો વેશ રાખીને પુરુષનો પ્રસંગ કેમ રાખો છો ? સંતોને ઉપવાસ પડે તે રીતે ત્યાગી સાધુ હોય ત્યાં કેમ આવો છો ? માટે જો સત્સંગમાં રહેવું હોય તો સત્સંગની રીતિ પ્રમાણે રહો. ભાઈઓને ઉપદેશ ન કરો."

આ સાંભળી બંને બાઈઓ છેડાઈ ગઈ : "અમે તો જીવનમુક્તા છીએ. પુરુષ પ્રસંગથી અમને કંઈ થવાનું નથી. અમારી દૃષ્ટિમાં તો સ્ત્રી પુરુષના ભેદ જ નથી. સૌ હાડમાંસના પ્રાણી છે. અમે તો બાળપણથી જ બ્રહ્મચારિણી છીએ. યુવાનીમાંય અમને કામ વ્યાપ્યો નથી તો હવે ઘડપણમાં શું થવાનુ છે ? વળી આત્માનંદ સ્વામી અને રામાનંદ સ્વામીએ કોઈ દિવસ નથી વાર્યા, તો આજકાલના આવેલ તમે કોણ કહેનાર ? માટે તમારું માનીશું નહિ. ઝાઝું કહેશો તો અમારા આ બધા શિષ્યોને લઈને ચાલી જઈશું ને જુદો પંથ ચલાવીશું."

ત્યાગી સાધુ તથા ત્યાગી બાઈના ધર્મની વાત કરતા મહારાજે કહ્યું :

જેવો પુરુષને નારીનો સંગ, તેવો પ્રમદાને પુરુષ પ્રસંગ એ તો છે ઘૃત અગ્નિ સમાન, એમાં કરવું નહિ અભિમાન, લીધી હોય જો ઇન્દ્રિયો જીતી, તો યે સૌને શીખવવાની સુરીતિ, મોટા મુક્ત રહે તેથી દૂર, એવી રીત ચલાવવા જરૂર.

મહારાજે તો ઘણો ઉપદેશ દીધો. સ્ત્રી અને પુરુષના પ્રસંગથી કેવું અધઃપતન થાય છે તેનાં ઘણાં દૃષ્ટાંતો શાસ્ત્રોમાંથી આપ્યાં. પણ તેઓ ન માની તે ન જ માની.

આથી શો નિર્ણય લેવો તે નક્કી કરવા મુક્તાનંદ સ્વામી અને મહારાજ એકાંતમાં બેઠા.

મુક્તાનંદસ્વામીએ કહ્યું, "મહારાજ ! આ હરબાઈ, વાલબાઈ, રઘુનાથદાસ ત્રણે બહુ અભિમાની છે. રામાનંદ સ્વામી પાસે પણ બંને બાઈઓ આવી જ રીતે છાકમાં જ વર્તતી, પણ રામાનંદ સ્વામી કચવાતે મને ચલાવી લેતા. હવે જો ચલાવી લઈશું તો કેટલાય ભોળા મુમુક્ષુઓને ભરમાવી દેશે. મોક્ષના માર્ગમાંથી પાડી દેશે. માટે વધુ એકવાર સમજાવી જોઈએ, છતાંય ન માને તો છેવટે વિમુખ કરી નાખવી."

આથી મહારાજે સભામાં આવી ફરીવાર શાંતિથી સમજાવી. પણ બંનેએ હઠ પકડી રાખી. ત્યાંથી ઉભી થઈ જ નહિ.

છેવટે સભામાં મહારાજ ધર્મધુરંધરની છટાથી બોલ્યા : "હે હરબાઈ ! હે વાલબાઈ ! અમારા અથાગ ઉપદેશ છતાં તમો બંને મનમાની રીતે વર્તો છો તે ચલાવી લેવાય નહિ. સત્સંગની સ્થાપેલ પ્રણાલી પ્રમાણે તમારે વર્તવું ન જ હોય તો આજ થી આ સત્સંગ સંપ્રદાય તમને બંને ને વિમુખ જાહેર કરે છે."

મહારાજના આવા નીડર વચનો સાંભળી બંને બાઈઓ હેબતાઈ ગઈ. બંને રિસાઈને સભામાંથી ચાલી નીકળી. સાથે તેમનાં શિષ્યો પણ સભા છોડી ચાલી નિસર્યા. એમણે ત્રંબા ગામમાં જઈ અલગ પંથ સ્થાપ્યો, પરંતુ એ ઝાઝા વરસ ચાલ્યો નહિ. આમ અધર્મ સર્ગ જડમૂળથી ઉખડી ગયો અને સંપ્રદાયને ઉજળા પંથનું બિરુદ મળ્યું.

આમેય જેને શ્રીહરિની ઓથ ના હોય એ કેટલું ટકે ? "બાઈ-ભાઈની મર્યાદા" તો આપણા સંપ્રદાયનું આગવું લક્ષણ છે. અને એ થકી જ સંપ્રદાય ઉજળો છે.

●


માળાનું મહત્વ

- ભગવતીબેન કાંતિલાલ સોની
(પાટણ)

શ્રી હરિની દિવ્ય ચેષ્ટા પ્રેરણાનો શ્રોતરૂપ માળા છે. શ્રી હરિ આપણને મોક્ષ આપ્યા પહેલા મોક્ષનું સાધન આપી રહ્યા છે. જપમાળાના માધ્યમથી હરિ કહે છે કે તમે કોઈપણ સ્થિતિમાં હો તેમાં મારૂ સ્મરણ રાખજો. સમય આવ્યે હું તમને મદદ કરીશ. શ્રી હરિ હાથમાં માળા લઈને સભામાં બિરાજીત થઈ મોક્ષની અનેરી પ્રેરણા આપે છે. માળાને ભગવાનના નામનો શ્રેષ્ઠ આધાર માનવામાં આવે છે. માળાની પ્રણાલિકા હિંદુ ધર્મ ઉપરાંત ઘણાં બધા ધર્મોમાં જોવામાં આવે છે. બધાની પ્રકૃતિ અલગ અલગ છે. રથના પૈડાની નાભિમાં જેમ આશયો સંયુક્ત મળેલા રહે છે તેમ શરીરની અંતર્વાહિની નાડીઓ હૃદય સાથે સંયુક્ત છે. હૃદય એટલે પરમાત્માનું નિવાસસ્થાન. એ પરમાત્માને કરવા માટે આર્ષદ્રષ્ટા મુનિઓએ માળા ઉપકરણરૂપે આપી. શ્રીહરિ હાથમાં માળા લઈને ફેરવે છે. કારણ જીવનને સ્વસ્થ બનાવવા માટે ત્રણ વસ્તુઓ છે. (૧) માળાને સ્થાન આપો (૨) તાળાને સ્થાન આપો (૩) શાળાને સ્થાન આપો. પરંતુ ચાળાને સ્થાન ન આપો. આ શ્રીહરિની ચેષ્ઠા છે. માણસની વાત જ જુદી છે. માણસ નવરો બેઠો હોયતો કાં કાંકારા ઉછાળતો હોય, કાં કોઈને પરેશાન

(અનુસંધાન પાના નં ૨૩ ઉપર)

જન્મભૂમિમાં જન્મ જયંતી



પરબ્રહ્મ પરમાત્મા અક્ષરધામમાં અનંત મુક્તોથી સેવાયેલા જે સર્વ અવતારોના કારણ, સ્વતંત્ર અને સર્વજીવ-ઈશ્વરમાં અંતર્યામી પણે રહ્યા એવા આપણા સૌના ઈષ્ટદેવ જેમને બદ્રિકાશ્રમમાં શ્રી નરનારાયણદેવ થકી દુર્વાસા ઋષિનો શાપ ગ્રહણ કરી આ પૃથ્વીને વિષે સર્વ પ્રથમ સંવત ૧૮૩૭ ચૈત્ર સુદી નવમીની રાત્રે ૧૦-૧૦ મિનિટે ઉત્તર કોશલદેશ અયોધ્યા સરયૂથી ઉત્તર દિશામાં છપિયા ધામને વિષે પિતા ધર્મદેવ માતા ભક્તિદેવી થકી સ્વેચ્છાએ પ્રકટ થઈને ધર્મ જ્ઞાન, વૈરાગ્ય સહિત એકાંતિક ભક્તિ પ્રવર્તાવીને જીવોને કલ્યાણનો સરળ માર્ગ આપી, હજારો પરમહંસો, નરનારી હરિભક્તોને પોતાના જેવા ગુણવાન બનાવ્યા અને ભાવિ પેઢીઓને કલ્યાણના સદાવ્રતનો લાભ મળે તે માટે સ્વહસ્તે નવ મંદિરો, ધર્મવંશી આચાર્યપદ, અને સતશાસ્ત્રની રચના કરી. એકમાત્ર સમર્થ અને ગૌરવ ગાથાના સર્જન ભગવાનશ્રી સ્વામિનારાયણના પ્રાકટ્યના પવિત્ર સમયને આ વર્ષે ૨૨૫ વર્ષનો સમય થયો છે. અનંતકોટી પામર જીવોને મુક્તની કોટી આપનાર પરમાત્માની ૨૨૫મી જન્મજયંતી ઉજવવા સમગ્ર સત્સંગીઓ ઉત્સુક છે. તેમાં અસીમકૃપાની અમી વર્ષા સમાન પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પને પૂર્ણ કરવા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ "જન્મભૂમિમાં જન્મ જયંતી" છપિયાધામમાં રજત દ્વિશતાબ્દી જન્મજયંતી મહોત્સવ ઉજવવા આજ્ઞા આપી છે.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. નિવૃત્ત આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા સમસ્ત ધર્મકુળના સાનિધ્યમાં દેશ વિદેશના સંતો-હરિભક્તો, ધાર્મિક, રાજકિય, સામાજીક મહાનુભાવોની વિશાળ ઉપસ્થિતિમાં આગામી **સંવત ૨૦૬૩ કારતક સુદ-૩,૪,૫ (લાભ પાંચમ) તા. ૨૫,૨૬,૨૭ ઓકટોબર** ૨૦૦૬ પર્યન્ત ત્રણ દિવસનો ભવ્યાતિભવ્ય મહામહોત્સવ ધામધુમથી ઉજવાશે. જ્યાં શ્રી ઘનશ્યામ મહારાજે પોતાના દિવ્ય અલૌકિક પ્રથમ ચરણ મુક્યા અને અગીયાર વર્ષ ગોઠણીયા ભેર તથા ખુલ્લા ચરણે વિચરણ કર્યું તે પાવનકારી છપિયાધામમાં મહોત્સવના નિમિત્ત બની સૌજન્ય, યજમાન, દાતાના રૂપે યથાશક્તિ સેવાનો લાભ લઈને સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર બનવાનો અમૂલ્ય અવસર આવ્યો છે. તો આપ સૌને તન મન ધનથી શક્તિ અને ભક્તિ મુજબ યજમાન થવાની નમ્ર અપીલ કરીએ છીએ.

ભવદીય રજત દ્વિશતાબ્દી મહોત્સવ સમિતિ વતી

મહંત બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી ગુરુ ગવૈયા બ્રહ્મચારી સ્વામી રામકૃષ્ણાનંદજી

રજત દ્વિશતાબ્દી મહોત્સવનો મંગલ કાર્યક્રમ : ૨૫ ઓકટોબર ૨૦૦૬

ઉદ્‌ઘાટન ● બાલચરિત્ર કથા પારાયણ, હરિયાગ પ્રારંભ ● કીર્તન આરાધના, અખંડ ધૂન પ્રારંભ ● વિપ્ર બટુકોને યજ્ઞોપવિત ● તપ્ત મુદ્રા પૂજન દાન ● છપૈયા તીર્થસ્થાનોની પરિક્રમા (પ.પૂ. મહારાજશ્રીની સાથે)

૨૬ ઓકટોબર ૨૦૦૬

તુલસી વિવાહ ● શોભાયાત્રા ● સમૂહ મહાપૂજા ● ગુરુમંત્રદાન વિધિ

૨૭ ઓકટોબર ૨૦૦૬

સંતો-હરિભક્તો-દાતાઓનું સન્માન ● મહાભિષેક, જન્મભૂમિપૂજન, અન્નકૂટ, ● ધર્મકુળ પૂજન, સંત પૂજન, રજતતુલા

-: આયોજક :-

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

-: સંપર્ક અને વ્યવસ્થાપક :-

મહંત બ્રહ્મચારી વાસુદેવાનંદજી ગુરુ ગવૈયા બ્રહ્મચારી સ્વામી રામકૃષ્ણાનંદજી

શ્રી સ્વામિનારાયણ મંદિર, છપિયા, જી. ગોંડા, ઉત્તર પ્રદેશ, ફોન : (૦૫૨૬૫) ૨૫૪૨૧૩, ૨૫૪૨૩૩.

(પાના નં ૨૧નું ચાલું)

ભક્તિસુધા

કરતો હોય, વ્યર્થ ચાળા કરતો હોય, એક દિવ્ય સૂત્ર છે. "કરે જપ તો છૂટે લપ" જપ કરવાથી જન્મકુંડળીના ગ્રહો પણ સુધરે છે.

(૧) એક કરોડ જપ કરવાથી તન સુધરે છે. એટલે કે આરોગ્ય પ્રાપ્ત થાય છે.

(૨) બે કરોડ જપ કરવાથી દ્રવ્ય સુખ મળે છે. એટલે કે ધનની પ્રાપ્તિ થાય છે.

(૩) ત્રણ કરોડ જપ કરવાથી પરાક્રમ સિધ્ધ થાય છે. યશ, કીર્તિ મળે છે.

(૪) ચાર કરોડ જપ કરવાથી સુખ પ્રાપ્તિ થાય છે.

(૫) પાંચ કરોડ જપ કરવાથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે.

(૬) છ કરોડ જપ કરવાથી અંતઃશત્રુઓનો વિનાશ થાય

(૭) ૭ કરોડ જપ કરવાથી સ્ત્રીને અખંડ સૌભાગ્યનું સુખ મળે

(૮) આઠ કરોડ જપ કરવાથી મરણ સુધરે છે. અપમૃત્યુ ટળે છે. મૃત્યુ સ્થાન સુધરે છે.

(૯) નવ કરોડ જપ કરવાથી ઈષ્ટદેવની ઝાંખી થાય, સ્વરૂપનો સાક્ષાત્કાર થાય.

(૧૦) દસ, અગિયાર અને બાર કરોડ જપ કરવાથી સંચિત પ્રારબ્ધ ક્રિયામણ કર્મો બળે છે.

(૧૧) ૧૩ કરોડ જપ કરવાથી ભગવાનનું સાક્ષાત્ દર્શન થાય

શ્રીહરિ પોતાના હાથમાં તુલસીની માળા રાખી ફેરવે છે. માળા અનેક પ્રકારની છે. તુલસીની, સુખડની, આમલીની, કમળબીજની, સ્ફટિકની, રૂદ્રાક્ષની, દર્ભની, લહિના પારાની. સર્વે માળા કરતા તુલસીની માળા ક્ષેષ્ઠ છે.

મહોત્સવમાં વિવિધ પ્રસંગોમાં યજમાન બનવા માટેની યાદી

રજત દ્વિશતાબ્દી મહોત્સવનામુખ્ય યજમાનશ્રી	૧૧,૦૦,૦૦૦/-
રજત દ્વિશતાબ્દી મહોત્સવના સહ યજમાનશ્રી	૫,૦૦,૦૦૦/-
બાલ ચરિત્ર કથા પારાયણના મુખ્ય યજમાનશ્રી	૫,૦૦,૦૦૦/-
બાલ ચરિત્ર કથા પારાયણના સહ યજમાનશ્રી	૧,૫૦,૦૦૦/-
હરિયાગના મુખ્ય યજમાનશ્રી	૫,૦૦,૦૦૦/-
હરિયાગના સહ યજમાનશ્રી	૧,૫૦,૦૦૦/-
જન્મ સ્થાનમાં સમૂહ મહાપૂજાના મુખ્ય યજમાન	૧,૨૫,૦૦૦/-
તુલસી વિવાહના માતાજીના યજમાનશ્રી	૨,૫૦,૦૦૦/-
તુલસી વિવાહના ભગવાનના યજમાનશ્રી	૨,૫૦,૦૦૦/-
તુલસી વિવાહના મામા થવાના યજમાન	૧,૫૦,૦૦૦/-
શ્રી ઘનશ્યામ મહારાજના મહાભિષેકના યજમાનશ્રી	૨,૫૦,૦૦૦/-
શ્રી ઘનશ્યામ મહારાજ મહાભિષેકના સહ યજમાનશ્રી	૧,૫૦,૦૦૦/-
શ્રી ઘનશ્યામ મહારાજના અન્નકૂટના યજમાન	૧,૫૦,૦૦૦/-
શ્રી ઘનશ્યામ મહારાજના અન્નકૂટના સહ યજમાન	૧,૦૦,૦૦૦/-
ગુરુમંત્ર પૂજન વિધિના યજમાનશ્રી	૧,૫૦,૦૦૦/-
ધર્મકુળ પ.પૂ. મહારાજશ્રીના પૂજનના યજમાન	૨,૦૦,૦૦૦/-
પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના પૂજનના યજમાન	૨,૦૦,૦૦૦/-
શોભાયાત્રાના યજમાનશ્રી	૧,૫૦,૦૦૦/-
સંતોના પૂજનના યજમાન	૧,૫૦,૦૦૦/-
સાં.યો. બહેનોના પૂજનના યજમાન	૧,૫૦,૦૦૦/-
અખંડ ધૂનના યજમાન	૧,૫૦,૦૦૦/-
અખંડ ધૂનના સહ યજમાન	૧,૦૦,૦૦૦/-
જન્મભૂમિ પૂજનના મુખ્ય યજમાન	૨,૦૦,૦૦૦/-
જન્મભૂમિ પૂજનના મુખ્ય સહ યજમાન	૧,૨૫,૦૦૦/-
તપ્તમુદ્રા દાનના યજમાન	૧,૫૦,૦૦૦/-
ઈલેકટ્રોનિકસ લીલા ચરિત્ર પ્રદર્શન (એક ચિત્રના)	૨૫,૦૦૦/-
ધર્મકુળના હરિભક્તોની રસોઈના યજમાન	૧,૨૫,૦૦૦/-
ભક્તિકુળના હરિભક્તોની રસોઈના યજમાન	૧,૨૫,૦૦૦/-
સંતોની રસોઈ એક દિવસના	૫૧,૦૦૦/-
સાં.યો. બહેનોની રસોઈ એક દિવસના	૫૧,૦૦૦/-
હરિભક્તોની દૈનિક રસોઈના એક દિવસના	૧,૫૧,૦૦૦/-
વિપ્ર બટુકોને યજ્ઞોપવિતના મુખ્ય યજમાન	૧,૫૧,૦૦૦/-
વિપ્ર બટુકોને યજ્ઞોપવિતના સહ યજમાન	૧,૦૦,૦૦૦/-
હરિકૃષ્ણ મહારાજની રજત તુલાવિધિ મુખ્ય યજમાન	૧,૫૦,૦૦૦/-
યજ્ઞની સામગ્રીના સેવાના યજમાન	૧,૫૧,૦૦૦/-

ઠાકોરજી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના થાળ, સંતો-હરિભક્તોની રસોઈ માટે રાશનના યજમાન થવાની યાદી

ગોળ, તેલ, ઘી, ખાંડ, ચણાદાળ, ચોખા, તુવેરદાળ, મગદાળ, ચણા, ઘઉં, ફલાહાર, મસાલાની સેવા, દૂધ, છાશ.

સાકોદરા (ધોળકા દેશ) ગામમાં અદ્‌ભૂત પરચો

આપણા સાકોદરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૬-૭-૦૬ ને રવિવારના સાંજના અત્રેના હરિભક્ત બહાદુરસિંહ નારાયણભાઈ નકુમની ચિ. પુત્રી ધીરજબા (ઉ. ૪ વર્ષ) અને તેના બેન તેમના દાદા સાથે મંદિરમાં દર્શને આવેલ. નાની ઉંમરની બાળા દર્શન કરી કુતુહલવશ્ રમતા રમતા ૧૦ ફૂટ ઊંડા પાણી ભરેલા હોજમાં પડી ગઈ. તેની બહેને આ દ્રશ્ય જોયું. થોડીવારમાં તેના દાદા અને ઉપસ્થિત હરિભક્તોએ હોજમાંથી બાળાને બહાર કાઢી ત્યારે તે એકદમ સ્વસ્થ અને સહેજ પણ પાણી પીધા વગર હોંશમાં જોવા મળી ! ખરેખર સર્વોપરિ શ્રીજી મહારાજ આચાર્ય મહારાજશ્રી દ્વારા પધરાવેલ મંદિરમાં પ્રત્યક્ષ છે તેનો આથી બીજો કેવો પરચો હોઈ શકે. ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી એ શ્રીહરિનું સાક્ષાત્ સ્વરૂપ છે. જીવને સમજાય તો બેડો પાર થઈ જાય.

(કાળુભાઈ હીરાભાઈ પટેલ, સાકોદરા)

www.issoseva.org

'शतंजीवेम् शरदः'

સ્વાસ્થ્યપ્રદ આહાર

'ફૂડ-લેબલ પર એક નજર'

આજકાલ ફૂડ-લેબલ પર રજુ થતી માહિતી અતિ સરળ અને જે તે ખોરાકી ચીજની વાસ્તવિક પોષણક્ષમતા રજુ કરતી હોય છે. ખાનપાનની ચીજો ના પડીકા પર આ હકીકત ચોક્કસ આકડાં માં રજુ કરાતી હોય છે. ચાહે તે ફરસાણનું પડીકું હોય કે પછી બેકરી આઈટેમ હોય. પોષક દ્રવ્યોનું પ્રમાણ તેના પર અચૂક દર્શાવવામાં આવે છે. સ્થાસ્થ્યપ્રદ આહારનું આયોજન કરતી વખતે આ ફૂડ લેબલનો એક માર્ગદર્શિકા રૂપે ઉપયોગ કરી શકાય.

આ નીચે ફૂડ લેબલનો એક નમુનો મુકાયો છે. અને તે ફૂડ લેબલની નોંધ નો ઉપયોગ કઈ રીતે થઈ શકે તે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ખાદ્યપદાર્થોના ઉત્પાદકોમાં સર્વીગ-સાઈઝમાં હવે એકસૂત્રતા નજરે પડે છે. આ સાઈઝ ઘરેલું માપ માં (જેમકે ચમચી કે પવાલું ભરીને)અને આંતરરાષ્ટ્રીય મેટ્રીક પધ્ધતિમાં એમ બન્ને રીતે દર્શાવવામાં આવે છે.

% ટકાવારી ને કારણે દૈનિક ૨૦૦૦કેલરીના ખોરાકમાં આ ફુડ પેકેટની આઈટેમ કેટલા પ્રમાણમાં રાખવી તે નક્કી થઈ શકે છે.

પોષક દ્રવ્યોની આ સૂચિમાં સ્વાસ્થ્ય માટે મહત્વના સઘળા દ્રવ્યો નો સમાવેશ કરાય છે. ડાયાબિટીસ ના દર્દીએ ટોટલફેટ, સેરયુરેટેડફેટ, સોડિયમ, ટોટલ કાર્બોહાઈડ્રેટ અને ફાઈબર ઉપર ખાસ ધ્યાન આપવાનું છે.

ડેઈલી વેલ્યુ એ એક નવી વાત છે. કેટલાંક મહત્તમ ઊંચાઈ પર હોય છે. જેમકે ચરબી યુક્ત અને કેટલાક ન્યુનત્તમ પ્રમાણમાં હોય છે,જેમકે ફાઈબર લેબલ પરની ડેઈલી વેલ્યુ રોજિંદા ૨૦૦૦-૨૫૦૦ કેલરીના ખોરાક પર આધાર રાખે છે. દરેક વ્યક્તિએ પોતે જે પ્રમાણમાં દૈનિક કેલરી લેતા હોય તેની સામે આ પેકેટના ખોરાકનું પ્રમાણ ગોઠવી લેવું જોઈએ.

લેબલમાં આ જગ્યાએ પ્રત્યેક એક ગ્રામ ફેટ, કાર્બોહાઈટ્રેડ અને પ્રોટીનમાં ગ્રામ દીઠ કેટલી કેલરી છે તે દર્શાવવામાં આવ્યું છે.

Nutrition Facts

Serving Size 1/2 cup (114g)
Sevign Per Container 4

Amoutn Per Serving	
Calories 90	Calories from Fat 30
	% Daily Value*
Total Fat 3g	5%
Saturated Fat 0g	0%
Cholesterol omg	0%
Sodium 300 mg	13%
Total Carbohydrate 13g	4%
Deitary Fiber 3g	12%
Sugar 3g	
Protein 3g	

Vitamin A 8%	*	Vitamin C 60%
Caluim 4%	*	Iron 4%

* Percent Daily Values are based on a 2,000 calorie diet. Your daily values may be higher or lower depending on your calorie needs

	Calories	2,000	2,500
Total Fat	Less than	65g	80g
Saf Fat	Less than	20g	25g
Cholesterol	Less than	300 mg	300 mg
Sodium	Less than	2,400 mh	2,400 mg
Total Carbohydrate		300g	375g
Dietary Fiber		25g	

Calories per gram :
Fat 9. Carbohydrate 4 . Protein 4

(પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમેરિકામાં આપણા **I.S.S.O.** દ્વારા 'સેવા' નામની સંસ્થા છેલ્લા ઘણા સમયથી કાર્યરત છે. જેના હેલ્થ બ્રોશ્યરમાંથી સાભાર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો U.K., U.S.A. નો વિદેશ ધર્મપ્રવાસ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વિદેશમાં I.S.S.O.ની વિદેશના સત્સંગના વિકાસ માટે જ્યારથી સ્થાપના કરી છે ત્યારથી આજદિન સુધી અવરિત વિકાસના પંથે સંસ્થાની પ્રગતિ થઈ છે. જેમાં U.S.A. અને U.K. ની જેમજ ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ અને સ્વીડનમાં પણ ભવ્ય મંદિરોની સ્થાપના થઈ ત્યારથી ત્યાં દરેક ચેપ્ટરોમાં સત્સંગ મંડળો પણ ખૂબજ કાર્યરત છે. શ્રી નરનારાયણદેવ ગાદીની આ સંસ્થાનું સૌ પ્રથમ ન્યુજર્સીના વિહોકન સીટીમાં સુંદર હરિ મંદિરનું નિર્માણ થયું. ત્યાર પછી અમેરિકામા સતન મંદિર નિર્માણની પરંપરા ચાલી. આજે દશ દશમંદિરોની ધર્મધજા અમેરિકાના મોટા શહેરોમાં લહેરાય છે. અસંખ્ય ભક્તો આ મંદિરોમાં આવીને ભગવાનની ભક્તિ આરાધના કરીને મોક્ષ પ્રાપ્તિના સુંદર અને સરળ માર્ગે ચાલી રહ્યા છે. આ ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વિદ્વાન સંતોને સાથે લઈને અવારનવાર વિદેશ પધારે છે તે જ પ્રમાણે તા. ૧૨-૭-૦૬ થી પ્રારંભ થયેલા ધર્મપ્રવાસ યાત્રામાં જે મહત્વના પ્રસંગો ઉજવાયા તેની એક આછી ઝલક.

૧. ફ્લોરિડાના લેકલેન્ડ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ ભગવાનના સ્વરૂપોનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ખૂબજ ઉત્સાહને ધામધુમથી ધાર્મિક વાતાવરણ ભક્તિમય શ્રધ્ધાથી ઉજવવામાં આવ્યો, જેમાં સમૂહ મહાપૂજા, ભાગવત પારાયણ તથા સત્સંગ સભા અને પૂજ્ય મહારાજશ્રીએ ભાવિક ભક્તોના ઘરે પધરામણી કરી જેથી સૌનો ઉમંગ આનંદ અનેરા પ્રકારે જોવા મળ્યો હતો. સાત દિવસ સુધી જાણે સૌ ભક્તો માદરે વતન ભારતમાં જ આવી ગયા હોય તેવો સૌને અનુભવ થતો હતો.

૨. ટેકસાસના હ્યુસ્ટન શહેરમાં ભવ્ય અને વિશાળ આપણા મંદિરમાં વિરાજમાન ભગવાનના વાર્ષિક પાટોત્સવની સાથે સાથે નવ નિર્મિત શિખરોનો ઉત્સવ, વિષ્ણુયાગ, અને શ્રીમદ્ સત્સંગિભૂષણની સપ્તાહ પારાયણનું સુંદર આયોજન થયું હતું. સાત દિવસ સુધી ભક્તોને કથાવાર્તા અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના મંગલકારી દર્શન-આશીર્વાદનો અલૌકિક લ્હાવો મળ્યો હતો.

૩. U.K. લંડનના ગેટવિકના રમણીય સુંદર શાંત વિસ્તારમાં વિશાળ જગ્યા સંપાદન કરીને I.S.S.O. દ્વારા સુંદર નવ્ય ભવ્ય મહામંદિરનું નિર્માણ પૂર્ણ થવાથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે U.K. પધાર્યા અને પોતાના વરદ્ હસ્તે ભગવાનના દિવ્ય સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને હજારો ભક્તોને દર્શન અને ભક્તિ આરાધના માટેની સુંદર સાનુકુળતા કરી આપી. U.K. માં I.S.S.O. શ્રી નરનારાયણદેવની સંસ્થાનું આ ચોથું મંદિર અતિ ભવ્ય અને વિશાળ જમીન સંપાદન કરીને બનાવવામાં આવેલ છે.

૪. જ્યોર્જીયાના એટલાન્ટા અને બાયરનમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતોની પધરામણી અને મંદિર નિર્માણ માટે સુંદર જગ્યાની પસંદગી કરવામાંઆવી હતી. પૂજ્ય મહારાજશ્રી U.K. થી સીધાજ અત્રે પધારીને પાંચ દિવસ સુધી સત્સંગ પ્રચાર કર્યો હતો. અને ભાવિક ભક્તોના ઘરે પધરામણી કરીને તેમના ઘરને દિવ્ય અને પાવન બનાવ્યા હતા.

૫. એડીસન કોલોનીયાના સુંદર અને વિશાળ આપણા મંદિરમાં વિરાજમાન ભગવાન શ્રી નરનારાયણદેવ તથા અન્ય દેવોનો વાર્ષિક પાટોત્સવ અતિ ભવ્યતાથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્ત સમુદાયના હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો.

૬. ડિટ્રોઈટના આપણા મંદિરમાં વિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવનો બીજો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ખૂબજ ભક્તિમય રીતે ઉજવવામાં આવ્યો હતો. સમૂહ મહાપૂજા તથા નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ધિરજાખ્યાનની કથા સૌ ભક્તોએ શ્રધ્ધા ભક્તિ ભાવપૂર્વક સાંભળી હતી.

૭. ઓહાયોના કલિવલેન્ડમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને હરિભક્તોના સુખ વાસ્તે સુંદર મંદિર બને તે માટે એક વિશાળ ચર્ચની પસંદગી કરી તેને મંદિર બનાવવા માટે ખરીદી લેવામાં આવ્યું અને ઠાકોરજી સાથે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ પોતાના દિવ્ય ચરણ પગલા પાડી ભૂમિને પવિત્ર બનાવીને અત્રેના ભક્તોને આજ્ઞા કરી. આ જગ્યામાં મંદિર માટે યોગ્ય ફેરફાર કરીને મોક્ષદાતા ભગવાન શ્રીહરિની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવા યોગ્ય વહેલાસર તૈયાર કરવા માટે જરૂરી માર્ગ દર્શન આપ્યું. ત્યારબાદ અત્રેથી સંતો સાથે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે બોસ્ટનના નૂતન મહા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે પધાર્યા.

૮. બોસ્ટન : અમેરિકામાં I.S.S.O. સંચાલિત શ્રી નરનારાયણદેવના મંદિરોની ભવ્ય પરંપરામાં વિહોકન પછી તરત જ સુંદર મંદિરનું નિર્માણ બોસ્ટનમાં થયું. જેને અઢાર વર્ષ વીતી ગયા. તે દરમ્યાનમાં સત્સંગની ગઢતા વિશાળતા અને પરિપકવતાથી ભક્તોની ભીડ એટલી વધી ગઈ કે આટલા ટૂંકાં ગાળામાં જે મંદિર બનાવવામાં આવ્યું હતું તે સાંકડું પડવા માંડ્યું જેથી ભક્તોને ભજન-ભક્તિ કથાવાર્તામાં અસુવિધા જેવું જણાયા કરતું જેથી વિશાળ શિખરબધ્ધ મંદિર બનાવવા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા મળતાજ અને પૂજ્ય મોટામહારાજશ્રીએ અતિ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા એટલે ભક્તોને પૂર્ણ બળની પ્રાપ્તિ થઈ એટલે મંદિર નિર્માણ માટે વિશાળ અને ભવ્ય લોકેશન વાળી જગ્યા પસંદ કરવામાં આવી. પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પધરામણી કરાવીને રિનોવેશન માટેની કાર્યવાહી પ્લાનીંગ વગેરે તૈયાર કરવામાં આવ્યાં અને હરિભક્તો પાસેથી યજમાનો બનવા માટેના બોલ મેળવી લેવામાં આવ્યા. જોતા જોતામાં દરેક મૂર્તિના યજમાનોના નામો આવી ગયા. દરેક પ્રસંગોના પણ યજમાનો તૈયાર થયા. ફંડ સારા પ્રમાણમાં એકઠું થયું. પ્લાનીંગ તૈયાર થતા અને કામ ચાલું કર્યું. જોત જોતામાં શુભ મુહૂર્ત ૨૦, ઓગસ્ટ ૦૬ નું નજીક આવી ગયું. આ પ્રંસગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ થયો. પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સંતો પણ વિચરણ કરતાં કરતાં અત્રે આવી પહોંચ્યા અતિ ઉત્સાહ ઉમંગથી ઉત્સવનો પ્રારંભ થઈ ગયો. ભવ્ય શોભાયાત્રા અમેરિકાના આ મહત્વના શહેરમાંથી નીકળી જેમાં ત્રણ હજાર ઉપરાંત ભક્તો બાળકો અને બહેનો ચાલતા જોડાયા, સ્થાનિક અમેરીકન પ્રજાને તો આ અતિ નવીન લાગ્યું. પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સવારમાં વહેલાં અમદાવાદમાં રંગ મહોલમાં જેવું સ્વરૂપ વિરાજમાન છે તેવું જ સુંદર ધ્યેય સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પૂજ્ય મહારાજશ્રીએ વેદોક્ત વિધિથી ષોડશોપચારપૂર્વક મહાભિષેક કરી પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરી આરતી ઉતારી ત્યારે સાક્ષાત્ પરમાત્મા વિરાજમાન થયા જેના દર્શન કરી પ્રત્યક્ષ દિવ્યતા અનુભવી. ત્યાર પછી વિશાળ સભા ખંડમાં ભરચક સભામાં અનેક પ્રસંગોની ઉચ્છવણી થઈ. જેમાં રમ ઝટ બોલી ઊંચી ઊંચી બોલી બોલીને ભગવાનને સૌ ભક્તોએ પ્રસન્ન કરી લીધા. સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની સાથે સાથે શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ધર્મભક્તિ, અને અન્ય ભગવત સ્વરૂપોના દર્શન ભક્તોના મન અને ચિત્તને પ્રસન્ન કરતા હતા.

(મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણમંદિર કાળુપુર, અમદાવાદ)

સત્સંગ સમાચાર

ગુજરાતના પુરગ્રસ્તોને શ્રી નરનારાયણદેવ દેશના મંદિરો દ્વારા ફૂડ પેકેટનું વિતરણ

ગુજરાતમાં સુરત શહેર અને ત્યારબાદ મધ્ય ગુજરાત અને અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વિસ્તારોમાં સતત બે થી ત્રણવાર ઉપરવાસના વરસાદના કારણે ડેમ ઓવરફ્લો થવાથી અચાનક પાણી છોડાતા અનેક ગામોમાં ૫ થી ૧૦ ફૂટ પાણી ભરાઈ ગયા હતા. જેમાં ઘણાંજ લોકો ફસાઈ ગયા હતા. આ સમાચાર પ.પૂ. મોટા મહારાજશ્રી અને અમેરિકા પધારેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને મળતાજ તેઓશ્રીએ આપણા દરેક મોટા મંદિરોમાં મહંત સ્વામીને આજ્ઞા કરી કે આપણા મંદિર તરફથી પુરગ્રસ્તોને ત્વરિત રાહત સામગ્રી પહોંચતી કરો. જે આદેશ મુજબ અમદાવાદ કાલુપુર મંદિર, જેતલપુર મંદિર, નારણપુરા મંદિર, નારણઘાટ મંદિર, કાંકરિયા મંદિર, જીવરાજપાર્ક મંદિર, બાપુનગર એપ્રોચ મંદિર, ધોળકા મંદિર, બોપલ આદિ અનેક નાના મોટા શ્રી નરનારાયણદેવ તાબાના મંદિરોમાંથી અંદાજે ૨૦૦૦૦ બે લાખ ઉપરાંત સુખડી, પુરી, સેવ, મગજ વગેરેના તૈયાર પેકેટ કરી સુરત શહેર, ખેડા-નડીયાદ, આણંદ-તારાપુર વિસ્તાર અને ધોળકા તાલુકાના ગામોમાં ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે સતત ચાલું રાખવામાં આવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી જે તે વિસ્તારના પુર ગ્રસ્તોનો સંપર્ક કરી તેમને ખબર અંતર પૂછતા હતા. અને તેમને જે કાંઈ મદદ ની જરૂર હોય તે કરવા માટે સંતો-હરિભક્તોને આદેશ કરેલ. દરેક મોટા મોટા મંદિરોના મહંત સ્વામીઓ અને હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી પુર ગ્રસ્તોની વહારે દોડી જઈને તેમને અનેકરૂપે મદદરૂપ થયા હતા. *(અનીલ પટેલ)*

અમદાવાદ મંદિરમાં જન્માષ્ટમીનો ઉત્સવ ભારે ધામધુમથી ઉજવાયો

મંદિરમાં દિવસ દરમ્યાન શહેરમાંથી અને બહાર ગામથી ગણા ભક્તો શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે આવ્યા હતા. દિવસ દરમ્યાન ભક્તિમય વાતાવરણ દ્રશ્યમાન થતું હતું. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ સમક્ષ શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી ધામધુમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે શહેરના હજારો ભાવિક ભક્તોએ દર્શન કરી અતિ આનંદિત થયા હતા. *(જયેશ પટેલ)*

શ્રાવણ માસમાં અમદાવાદ મંદિરમાં હોમાત્મક મહાપૂજા સંપન્ન થઈ

સર્વોપરિ શ્રીહરિને અતિ પ્રિય એવી હોમાત્મક મહાપૂજા સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે તા. ૨૦-૮-૦૬ને રવિવારના વિદ્વાન પંડિતોના સુમધુર ગાન સાથે વેદવિધિસર સંપન્ન થઈ. જેના મુખ્ય યજમાન પદનો લાભ પ.ભ. સુરેન્દ્રભાઈ વિશાલાવાળાએ લીધો હતો. બીજા ઘણા જ શ્રધ્ધાળુ ભક્તોએ સમૂહ મહાપૂજામાં લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું. કોઠારી સ્વામી ધર્મપ્રકાશદાસજી અને સંતમંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(શા. સત્યપ્રકાશદાસ)

મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીરાધાકૃષ્ણ દેવને અવનવા વિવિધ હિંડોળામાં ઝુલાવીને શ્રધ્ધાળુને દર્શન કરાવેલ. મહંત સ્વામી અને પૂજારી સર્વેશ્વરદાસે હરિભક્તોને પ્રેરણા કરીને હિંડોળાની સેવા કરાવી હતી.

તા. ૧૨-૮-૦૬ થી તા. ૧૮-૮-૦૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પ.ભ. સુદર્શનભાઈ ખત્રી પરિવાર તરફથી યોજવામાં આવેલ. પારાયણમાં આવતા દરેક લીલા પ્રસંગને ધામધુમથી ઉજવવામાં આવેલ. *(કોઠારી નરેન્દ્ર ભગત)*

દિલ્હી મંદિરમાં પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉજવાયો

ન્યુ દીલ્હી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૮-૦૬ના રોજ પ્રાતઃ ૭-૦૦ કલાકે સર્વોપરિ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક-પાટોત્સવ શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર ધામધુમથી સંપન્ન થયેલ. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ્વામી જગતપ્રકાશદાસજી (દિલ્હી અને કોલોનીયા (યુ.એસ.એ.) મંદિરના મહંતશ્રી)ની પ્રેરણાથી પ.ભ. જનકભાઈ ટાંક અને તેમના ચિ. શ્રી શરદભાઈ અને શ્રી પ્રકાશભાઈએ યજમાન પદનો દિવ્ય લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં સભા સંચાલન કરતા મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી અને તેમના ગુરુ સ.ગુ. મહંત સ્વામી જગતપ્રકાશદાસજી, જયપુરના મહંત શા. દેવસ્વરૂપ સ્વામી આદિ સંત-હરિભક્તોએ દેવ, આચાર્ય અને ધર્મકુળ દીક્ષીત સંતનું માહાત્મય સુંદર રીતે વર્ણવ્યું હતું. છેલ્લે યજમાન પરિવારને અને સૌ સંત હરિભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. અત્રેના મહંત દેવ સ્વામી હાલ કોલોનીયા (અમેરિકા) મંદિરમાં સેવા-પૂજામાં હોવાથી તેમને પણ પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અત્રે સેવામાં મૂળીથી સ.ગુ. જયપ્રકાશ સ્વામી (પૂર્વ પૂજારી શ્રી રાધાકૃષ્ણ દેવ) સાધુ માધવપ્રસાદ અને પાર્ષદ ભૂપત ભગતે સુંદર સેવા કરીને પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શન આશીર્વાદનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. *(પાર્ષદ ભરત ભગત મૂળીધામ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા

અત્રે ભવ્ય ત્રણ શિખરના નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી, શાસ્ત્રી ઉત્તમ સ્વામી અને સાધુ હરિવલ્લભદાસની પ્રેરણાથી તા. ૧૨-૭-૦૬ થી તા. ૧૧-૮-૦૬ પર્યન્ત ઠાકોરજીને વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. હરિભક્તોએ યજમાન બનીને દર્શનનો દિવ્ય લાભ લીધો હતો. *(બાબુભાઈ એન. ચૌધરી)*

ઉનાવા મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શિકાગો મંદિરના મહંત શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી મહંત સ્વામી હરિવલ્લભદાસજીએ હરિભક્તોના સાથ સહકારથી શ્રી રાધાકૃષ્ણ દેવને વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને

ઝુલાવ્યા હતા. શ્રાવણ માસમાં શા. સુવ્રત સ્વરૂપદાસ અને શા. વ્રજવલ્લભદાસે શ્રી સત્સંગિભૂષણ ગ્રંથની કથા કરીને હરિભક્તોને સુંદર લાભ આપેલ.

(મહેન્દ્ર ભગત)

જયપુર મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

રાજસ્થાનની ગુલાબી નગરી જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. મોટા મહારાજશ્રી, તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. પી.પી. સ્વામી અને શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. અ.નિ.શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી (મેતપુરવાળા) અને તેમના શિષ્ય શા. બાળકૃષ્ણદાસજી, ગોવિંદ સ્વામી આદિ સંતોની પ્રેરણાથી અત્રે મંદિરનો ત્રીજો પાટોત્સવ તથા બાળધૂન મંડળનો ૩૭ મો વાર્ષિક ઉત્સવ તા. ૧૩-૮-૦૬ ને રવિવારના અ.નિ.પ.ભ. બાપુલાલ રણછોડદાસ પટેલ તથા અ.નિ. જડાવબેન બાપુલાલ પટેલના સ્મરણાર્થે પ.ભ. મનુભાઈ પટેલ તથા ચિ. હરિકૃષ્ણ આદિ સૌ પરિવાર તરફથી પ્રાતઃ ૭-૦૦ કલાકે ઠાકોરજીનો મહાભિષેક પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી રાજુભાઈ શુકલના ગોરપદે વેદવિધિસર ધામધુમથી સંપન્ન થયેલ. સમૂહ મહાપૂજામાં યજમાન પરિવાર સાથે ઘણા જ હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં યજમાન પ.ભ. મનુભાઈ પટેલ પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું સ્વાગત પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, મેતપુરના ગોવિંદ સ્વામીએ પ.પૂ. મહારાજશ્રીનું ફૂલહારથી સ્વાગત પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સૌ સંતોનું યજમાન પરિવારે પૂજન કર્યું હતું. જયપુરના અને બહાર ગામથી પધારેલા હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કર્યું હતું. આ પ્રસંગે પ.ભ. મનુભાઈના આમંત્રણથી જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતી ખાસ પધાર્યા હતા.

ધામોધામથી પધારેલા સંત-હરિભક્તોએ દેવ-આચાર્યશ્રીના મહિમા માહાત્મ્ય સાથે પ.ભ. મનુભાઈની સેવાને પણ બિરદાવી હતી. વડતાલથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો આશીર્વાદ પત્ર સભામાં વાંચવામાં આવેલ. બાળધૂન મંડળના બાળકોને પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રોત્સાહન ઈનામ અને સાથે રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ.ભ. ઠાકોરભાઈ, મનુભાઈ, પૂંજાભાઈ, નવિનભાઈ, સુરેશભાઈ, રમેશભાઈ અને શીયારામ શર્માએ સેવા સુંદર સેવા બજાવી હતી.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી અ.નિ.શા. સ્વામી કૃષ્ણજીવનદાસજીની દિવ્ય સ્મૃતિમાં તેમના શિષ્ય મંડળ મુંબઈ, જયપુર અને મેતપુર સત્સંગ સમાજ તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) રૂપિયાની સેવાની જાહેરાત કરી હતી. તે સૌ ઉપર પ.પૂ. મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન થયા હતા. છેલ્લે આભારવિધિ પ.ભ. મનુભાઈએ કરી હતી.

અત્રે સભામાં આમંત્રિત મહેમાનો અને પ્રતિષ્ઠિત હરિભક્તોએ પ.ભ. મનુભાઈનું શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું.

આ પ્રસંગે મુંબઈ, મેતપુર, ખંભાત, અમદાવાદ, કોલ્હાપુર, હૈદ્રાબાદ, સુરત અને વાસણા અને જયપુરના ઝવેરાતના આગેવાન હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ ધન્ય બન્યા હતા. સેંકડો સંતો અને હરિભક્તોએ દર્શન કરીને મહાપ્રસાદ લીધો હતો. *(મહંત સાધુ દેવસ્વરૂપદાસ, જયપુર)*

ગાંધીનગર શ્રી સ્વામિનારાયણ મંદિર (સેક્ટર-૨૩)

ગાંધીનગર સેક્ટર-૨૩ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી હિંડોળા મહોત્સવ અને શ્રાવણ મહિનાનું જ્ઞાન સત્ર ધામધુમથી સંપન્ન થયું. વિવિધ પ્રકારના ભવ્ય હિંડોળામાં ઠાકોરજીના દર્શન અદ્ભૂત થતા હતા.

પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીના માર્ગ દર્શન પ્રમાણે આખો શ્રાવણ માસ ભાગવત દશમ સ્કંધની કથા શાસ્ત્રી હરિપ્રિયદાસજીએ ભાવમય શૈલીમાં કરી હતી. શ્રાવણ સુદ-૧૧ના સમૂહ મહાપૂજા અને જન્માષ્ટમીના બાળકો, યુવાનોના સત્સંગલક્ષી પ્રેરણાદાયી કાર્યક્રમો નિહાળી સૌ ખૂબજ પ્રભાવિત થયા હતા. તા. ૨૩-૮-૨૦૦૬ના અમાસના સાંજે સત્રની સમાપ્તિ થઈ હતી. પ.ભ. પશાભાઈ પટેલે (પોસ્ટ માસ્ટર) આરતી પૂજનનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. *(નારાયણ બી. જાની)*

મેઘાણીનગરમાં બાળ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-પ્રેરણાથી છેલ્લા દશ વર્ષથી આપણા મંદિરમાં બાળ સભા થાય છે. તા. ૧૩-૮-૦૬ના રવિવારના ફર્સ્ટ ક્લાસ ઉતિર્ણ થનારને ઈનામ વિતરણ કરવામાં આવેલ. જેથી બાળકોમાં ખૂબજ ઉત્સાહ જોવામાં આવ્યો હતો. *(સંચા. રણછોડભાઈ દેવાણી)*

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગ પ્રવૃત્તિ ખૂબજ સુંદર થાય છે.

શ્રાવણ માસમાં ભગવાનને વિવિધ પ્રકારના હિંડોળામાં ઝુલાવીને દર્શન કરાવવામાં આવેલ. તેમાંય થર્મોકોલના હિંડોળાનું આકર્ષણ સૌને દર્શન કરવા આતુર કરતું હતું. મોટા મોટા ધામનો યાત્રા પ્રવાસ ગોઠવેલ. તા. ૧૨-૮-૦૬થી ૧૮-૮-૦૬ પર્યન્ત શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસ (જયદેવપુરા) ના વક્તા પદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ રાત્રી પારાયણનો લાભ હરિભક્તો એ મોટી સંખ્યામાં લીધો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે પ. પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ કુંભ" હરિભક્તોના અતિ આગ્રહથી સૌને આપવામાં આવેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી)ના માર્ગદર્શનથી સુરતના પુરપિડીતો માટે ૨૫૦૦ ફુડપેકેટ, ૨૫૦૦ પારલે બિસ્કીટના પેકેટ રાહત કેમ્પમાં મોકલ્યા હતા.

અત્રે દર રવિવારે સાંજે ૫-૩૦થી ૭-૩૦ સત્સંગ સભામાં વિદ્વાન સંતો અમૃતવાણી નો લાભ આપે છે.

દર એકાદશીના બપોરે ૩ થી ૫ મહિલા સત્સંગ સભા અને એકાદશી ધૂન્ય કીર્તનનો કાર્યક્રમ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા જુદાં જુદાં હરિભક્તોને ત્યાં રાત્રે ૯ થી ૧૦-૩૦ રાખવામાં આવે છે. બોપલ-ધુમા-આંબલી વિસ્તારના હરિભક્તોને મંદિરમાં દર્શનનો લાભ લેવા અનુરોધ છે.

(અમૃતભાઈ ટી. પટેલ)

નરોડા (આદિશ્વરનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી હરિભક્તો સત્સંગ લક્ષી પ્રવૃત્તિ સાથે સર્વોપરિ શ્રીજી મહારાજની ઉપાસના રૂડી રીતે કરે છે. આ વિસ્તારના ધો.-૧૦, ૧૨ માં ફર્સ્ટ ક્લાસ પાસ થનારને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ. કુલ-૩૦ વિદ્યાર્થીઓને રાણીપ-મોખાસણના શ્રી ભરતભાઈ નટુભાઈ પટેલ તરફથી ઈનામ આપવામાં આવેલ.

પ.ભ. ઠાકરસીભાઈ ઓધડભાઈ ચાવડા (બળોલ) અને અન્ય હરિભક્તો આ પ્રસંગે પ્રેરણારૂપ બન્યા હતા.

(બેચરભાઈ પરમાર, ટીંબા)

ઘાટલોડીયાના નવ નિર્મિત મંદિરમાં સત્સંગ સભા

શ્રી નરનારાયણદેવ તાબાના નવનિર્મિત આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આ વિસ્તારના હરિભક્તો અહીં નિયમિત કથા-વાર્તા-નિત્ય નિયમ અને ઠાકોરજીને બન્ને સમય આરતી વગેરે ધાર્મિક પ્રવૃતિ સુંદર રીતે કરે છે.

જન્માષ્ટમીના રાત્રે શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે સેંકડો હરિભક્તોએ જન્મોત્સવના દર્શનનો લાભ લીધો હતો.

ઘાટલોડીયા, ચાંદલોડીયા વિસ્તારમાં વસતા હરિભક્તોને આપણા મંદિરમાં દર્શન-કથાવાર્તાનો લાભ લેવા ખાસ અનુરોધ છે.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

વાલી (રાજસ્થાન)
શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે વાલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અ.નિ.સ.ગુ. સ્વામી નિર્મળદાસજીના સ્મરણાર્થે ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન રાખવામાં આવેલ. જેમાં જલાત્રા, દાંતીવા, થોબાઉ, સારીયાણા, જોધાવા અને ગોલીયા આદિ ગામના હરિભક્તોએ લાભ લીધો હતો.

(મહંત સ્વામી, વાલી)

વડુ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં તા. ૧૪-૮-૦૬ થી ૨૦-૮-૦૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પારાયણનું આયોજન કરવામાં આવેલ. વક્તાપદે સાધુ વિશ્વપ્રકાશદાસ (વડનગર) રહ્યા હતા. જેના યજમાન અ.નિ. પટેલ ઘનશ્યામભાઈ માધવદાસ પરિવાર રહ્યા હતા. છેલ્લા દિવસે ગામના તમામ હરિભક્તોને ભોજન પ્રસાદ જમાડવામાં આવેલ. કથામાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. જન્માષ્ટમી ઉત્સવ પણ ધામધુમથી ઉજવ્યો હતો.

(શૈલેષભાઈ ટી. પટેલ)

દહેગામ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.ભ. કોઠારી અરવિંદભાઈ પટેલ આદિ હરિભક્તોએ ઠાકોરજી સમક્ષ અવનવા ભવ્ય હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવ્યા હતા. જન્માષ્ટમી ઉત્સવ પણ ધામધુમથી ઉજવેલ. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા.

(હર્ષદ કાકા પટેલ, સ્ટો.કિ.)

શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ (પ્રાંતિજ)

પ્રાંતિજ દેશના માધવગઢ ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં હરિભક્તોએ ઠાકોરજીને વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ભક્તજનોને દર્શન કરાવ્યા હતા.

(ભલાભાઈ પટેલ)

નાંદોલ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળની કૃપા આશીર્વાદથી કોઠારી વિષ્ણુભાઈ તથા ભીખાભાઈએ સૌ હરિભક્તોના સાથ સહકારથી ભગવાનને જુદાં જુદાં અવનવા હિંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. જેના દર્શન કરી હરિભક્તો ખૂબ રાજી થતા હતા. *(નાંદોલ સત્સંગ મંડળ)*

દોલારાણા વાસણા

શ્રીહરિના પ્રસાદીના આ ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં કથાનું આયોજન કરેલ. વડનગરથી શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસે શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રનું પાન કરાવેલ. જન્માષ્ટમીના કૃષ્ણ જન્મોત્સવ ધામધુમથી ઉજવેલ. જેના દર્શનનો હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

(હાર્દિક ભગત)

ઘમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં શ્રી સ્વામિનારાયણમંદિરમાં શ્રાવણ માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રી સ્વામી છપૈયાપ્રસાદદાસે આખો માસ શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની કથા કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે હરિભક્તોના સહકારથી ઠાકોરજીને જુદાં જુદાં હિંડોળા બનાવી ઝુલાવ્યા હતા. જન્માષ્ટમીના બાળકોએ સુંદર રાસ રમીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી શ્રી નંદુભાઈ નારણભાઈ હાથીભાઈએ ઉતારી હતી. કથાની પૂર્ણાહુતીની આરતી હરિભક્તોએ સમૂહમાં ઉતારી હતી. આ પ્રસંગે હાર્દિક ભગત અને કોઠારી પોપટભાઈએ સારી સેવા કરી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જન્માષ્ટમીનો સમૈયો ધામધુમથી ઉજવાયો

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીની કર્મભૂમિ અને અંતર્ધાન થયાની પવિત્ર ભૂમિ મૂળીધામમાં શ્રાવણ વદ-૮ જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે સર્વોપરિ શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ સ્વરૂપ પ.પૂ. લાલજી મહારાજશ્રી ઝાલાવાડના ધર્મકુળ પ્રેમી હરિભક્તોને દર્શનનું અલૌકિક સુખ આપવા પધાર્યા હતા.

સ.ગુ. બ્રહ્માનંદ સભા મંડપમાં વિશાળ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ છેલ્લા એક માસથી ચાલતી શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથાની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી હતી. જેનું કથામૃત પાન મૂળીના યુવા મહંત શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજીએ પોતાની આગવી શૈલીમાં ભાવિક ભક્તોને કરાવ્યું હતું.

પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે મૂળી અમને ખૂબજ વહાલું છે. કારણ કે

બ્રહ્માનંદ સ્વામીને ધર્મકુળ બહુ વહાલું હતું. તેમ કહી રૂડા આશીર્વાદ આપ્યા હતા. વર્તમાન આચાર્ય મહારાજશ્રી હાલ અમેરિકા છે. પરંતુ તેમનું મન મૂળીમાં છે. અને કહેતા હશે કે મારા હરિભક્તો અત્યારે સમૈયામાં દર્શન માટે તલપાપડ થયા હશે. તેવું મહંત સ્વામીએ કહેતા હરિભક્તોએ તાળીઓથી વધાવ્યા હતા.

રાત્રીના સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ હરિભક્તોએ રાસ ગાન સાથે કીર્તન, ભક્તિ કરી હતી. રાત્રે ૧૨-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની આરતી કરી ત્યારે દેવોને પણ દુર્લભ ગણાય તેવા અલૌકિક મહા અલૌકિક દર્શન અત્રે ઉપસ્થિત સંત-હરિભક્તોને થયા હતા.

(નવલદાન ગઢવી)

ઘ્રાંગધ્રા નરસીપરા મંદિર

અત્રે નરસીપરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ૬ઠ્ઠો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે કથા-વાર્તા અને ધૂન્ય હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા. સાધુ ઈશ્વરચરણદાસ અને કોઠારી ઉત્તમપ્રિયદાસે સારી સેવા કરી હતી.

(પ્રતિ. અનીલભાઈ દુધરેજીયા)

લખતર શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રી રામકૃષ્ણદાસ અને સંત મંડળે કથાવાર્તામાં વચનામૃતનો સિદ્ધાંત ભક્તજનોને સમજાવ્યો હતો. ભજન પ્રકાશ સ્વામીએ નંદસંતોના કીર્તનો સુંદર રાગમાં ગાઈને સૌને રાજી કર્યા હતા. *(પટેલ અમૃતલાલ એચ.)*

ભચાઉ શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રીહરિના પ્રસાદીના કચ્છના ભચાઉના આપણા નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૭-૭-૦૬ થી ૧૧-૮-૦૬ પર્યન્ત ભુજ મંદિરના સંતોના માર્ગદર્શનથી ભવ્ય હિંડોળા દર્શન-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ પોતાના કર કમળથી લાડુનો પ્રસાદ આપતા તેમજ શિવલીંગ ઉપર ગંગાજળની ધારા (અભિષેક) વગેરે દર્શન અદ્‌ભૂત થતા હતા. આ ગામમાં શ્રીહરિ સમકાલિન વાઘાશાનું નિસર પરિવાર અને તેમના બેન રતનબાનું ખુથીયા પરિવાર મુંબઈ વસે છે પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ચૂસ્તપણે પાલન કરે છે. અને મોટી સેવાઓ પણ કરે છે.

(બાબુભાઈ નાનજી ખુથીયા)

સુરેન્દ્રનગર મંદિરમાં હિંડોળા અને કથા પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામીની પ્રેરણાથી સુરેન્દ્રનગર મંદિરમાં આખોમાસ વિવિધ પ્રકારના સુંદર કલાત્મક હિંડોળા શા.સ્વામી પ્રેમવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે શ્રધ્ધા ભક્તિથી સેવા કરીને સૌને અલૌકિક દર્શન કરાવ્યા હતા. શ્રાવણ વદ-૯ થી શ્રાવણ વદ અમાસ પર્યન્ત શ્રી મદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ શા.સ્વામી પ્રેમવલ્લભદાસજીએ દેવ-આચાર્ય અને મૂળ સંપ્રદાયના મહિમા સાથે કરીને સુરેન્દ્રનગરના હરિભક્તોને કથા રસમાં ભીંજવ્યા હતા. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા (I.S.S.O., U.S.A.)

શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં કોલોનીયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ગુરુ પૂર્ણિમા નિમિત્તે વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહંત સ્વામી દેવપ્રસાદદાસજીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન-આરતી કરી હતી. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં શાસ્ત્રી સ્વામી ઈશ્વરજીવનદાસજીએ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી એ આપણા ગુરુ છે. સ્વયં આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે પોતાના દિવ્યકુળ ધર્મકુળમાંથી પ્રસ્થાપિત કરેલા છે. જે સાક્ષાત્‌ શ્રીહરિનું અપર સ્વરૂપ છે. તેઓશ્રીની પાસે ગુરુમંત્ર-દીક્ષામંત્ર અને મૂર્તિ પ્રતિષ્ઠા તેઓશ્રી દ્વારા થાય તે જ સંપ્રદાયમાં માન્ય છે. શિક્ષાપત્રીમાં સ્પષ્ટ આદેશ કરેલ છે. દર ગુરુ પૂર્ણિમાએ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરવું એ આપણી ફરજ છે. આમ શાસ્ત્રી સ્વામીએ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આશીર્વાદ પત્ર સભામાં વાંચવામાં આવેલ. હરિભક્તો ખૂબજ ભાવ વિભોર બની ગયા હતા. શ્રાવણ માસમાં મંદિરમાં ઠાકોરજીને અવનવા હિંડોળા બનાવીને ઝુલાવવામાં આવતા હતા.

કથા-વાર્તા-નિત્ય નિયમ અને મહામંત્ર ધૂન કરી હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આપણી 'સેવા' સંસ્થામાં ડૉકટરોએ અનેક હરિભક્તોનું નિદાન કરી દવાઓ વગેરે આપીને સમાજસેવાનું સુંદર ઉદાહરણ પુરુ પાડ્યું હતું. જે ડૉક્ટરોનું સન્માન સંતોએ કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૯ મો પ્રાકટ્યોત્સવ કોલોનીયા મંદિરમાં સંત હરિભક્તોએ ધામધુમથી ઉજવ્યો હતો. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને શા. ઈશ્વરજીવનદાસજીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કર્યું હતું. અને પ્રાસંગિક સભામાં સંતોએ જણાવ્યું કે પ.પૂ. લાલજી મહારાજશ્રી સ્વયં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ જેમ લીલા કરતા તેવીજ લીલા સાવ નાની ઉંમરથી આપણને જોવામાં આવે છે. જેમના દર્શન કરતા જીવને એકદમ શાંતિ મળે છે. એમ પ.પૂ. લાલજી મહારાજશ્રીના અગાધ ગુણોનું મહિમા માહાત્મ્ય સુંદર રીતે કહ્યું હતું. સૌ સંત-હરિભક્તોએ આજે વિશેષ સત્સંગ સભામાં કથા-વાર્તા અને મહામંત્ર ધૂન કરી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

શિકાગો (I.S.S.O.)

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગુરુ પૂર્ણિમા ઉત્સવ ઉજવાયો

અત્રે આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગુરુ પૂર્ણિમાના પ્રાસંગિક સભામાં મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીએ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રી પુરુષોત્તમ પ્રકાશમાંથી ધર્મકુળ માહાત્મ્ય મહિમા અને ગુરુ પરંપરા-દીક્ષામંત્ર અને ગુરુ મંત્ર પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસે લીધા હોય તેજ સંપ્રદાયમાં માન્ય છે. તેમ કહી ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય શાસ્ત્રોક્ત રીતે સમજાવ્યું હતું. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પુષ્પહારથી પૂજન-

અર્ચન સભામાં ઉપસ્થિત સૌ હરિભક્તોએ કર્યું હતું. પ.ભ. વિષ્ણુભાઈ (સોલાવાળા), બાબુભાઈ, જગદીશભાઈ (પ્રમુખ) પ્રવિણ ભગત અને મહિલા મંડળે આ પ્રસંગે સુંદર સેવા બજાવી હતી. હિંડોળા દર્શન પણ ખૂબજ દિવ્ય હતા. *(પૂજારી હરિનંદનદાસ)*

શિકાગો મંદિરમાં ૮મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

શિકાગો આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યમહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી તા. ૨૫-૭-૦૬ થી ૨૯-૭-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવનની પંચાન્હ પારાયણ પૂજારી સ્વામી હરિનંદનદાસના વક્તાપદે થઈ હતી. પૂર્ણાહુતિના દિને શ્રીહરિયાગનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક સભામાં મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી, પૂ. પી.પી. સ્વામી, શા.ઈશ્વરજીવનદાસ, શા. કેશવચરણદાસજી, શા. ઘનશ્યામપ્રકાશદાસ વગેરે સંતોએ અમૃતવાણીનો લાભ આપ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ કરી સૌને રાજી કર્યા હતા. તા. ૩૦-૭-૦૬ના રોજ પ્રાતઃ ૮-૦૦ કલાકે પૂજારી સંતો દ્વારા ઠાકોરજીનો મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો. પાટોત્સવ-અભિષેક શણગાર આરતી અને અન્નકૂટ આરતીના દર્શન કરી હરિભક્તો ધન્ય બન્યા હતા. પારાયણના યજમાન શ્રી વિઠ્ઠલભાઈ અને શ્રી કમળાબેને એમના માતુશ્રી પશીબેનના સ્મરણાર્થે સુંદર લાભ લીધો હતો. સંજયભાઈ, પુનીતાબેન, પ્રવિણ ભગત, તેજશભાઈ, કમલેશ શાહ આદિ સૌએ યજમાન બની દિવ્ય લાભ લીધો હતો.

સમગ્રપ્રસંગમાં જગદીશભાઈ (પ્રમુખ), ઘનશ્યામ ભગત, વિષ્ણુભાઈ, ઘનશ્યામભાઈ કવિ, ધીરૂભાઈ અને મહિલા મંડળની સેવા નોંધપાત્ર હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્યમહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. *(વસંતભાઈ ત્રિવેદી)*

વોશિંગ્ટન બુવી મેરીલેન્ડ (I.S.S.O. ચેપ્ટર)

તા. ૬-૮-૦૬ના રવિવારના સાંજના ૨॥ કલાક સત્સંગ સભામાં સૌ હરિભક્તોએ સમૂહમાં કથા-વાર્તા-વચનામૃત વાચન, કીર્તન ભક્તિ-નિત્યનિયમ અને આરતી થાળ વગેરે કર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સભા નિયમિત થાય છે. અને હરિભક્તોની સંખ્યા પણ સારી રહે છે.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી નંદુભાઈ શીવાભાઈ પટેલ ચિ. સેજલને P.T.C. માં ૮૩% આવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી મંગળભાઈ ગિરધરદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વિહાર
૧૦૧-૦૦	શ્રી ભુદરભાઈ મુળજીભાઈ પટેલ ચિ. જયંતીલાલને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	કાંતિપુર
૧૫૧-૦૦	આયુષ રમેશભાઈ પટેલ સ્કુલમાં બેસાડ્યા તે નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ દાનાભાઈ પટેલ નવું સ્કુટી લાવ્યા તે નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૦-૦૦	શ્રી હસમુખભાઈ માવજીભાઈ ખીમજીભાઈ ચાવડા પુત્ર જન્મ પ્રસંગે	બળોલ (ભાલ)
૧૦૧-૦૦	શ્રી યતિનકુમાર પરસોતમભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે (સહજાનંદ ટેલર્સ)	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી હેત સારાભાઈ પટેલ જન્મદિવસ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જીતેન્દ્ર જયંતીલાલ વડોદરીયા શુભ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	નાંદોલ
૧૦૦-૦૦	શ્રી અંબાલાલ વિઠ્ઠલભાઈ પટેલ નવું હોન્ડા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ શ્રીહરિની કૃપાથી જમાઈ શ્રી ભાવિકકુમાર એડવોકેટ થયા તે નિમિત્તે	બીલીયા
૧૦૦-૦૦	શ્રી શિતલબેન પ્રહલાદભાઈ પટેલ S.Y.B.A.C.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી મીનાબેન એમ. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રાજવી નવિનભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૧૦-૦૦	શ્રી રાજેન્દ્ર મણીલાલ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ભૂપેન્દ્ર દામોદરદાસ પોતદાર નવું બાઈક ખરીદ્યું તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦	શ્રી ભીમાભાઈ મગનભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦	શ્રી દિપકકુમાર મનુભાઈ પટેલ ચિ. ચિંતનને વીઝા મળ્યા તે નિમિત્તે	ઓહાવો (અમેરિકા)
૮૫૨-૦૦	શ્રી દિલીપભાઈ કેશવલાલ પટેલ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કીર્તિભાઈ બી. અમીન શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઉમેશભાઈ વી. અમીન વિદુરભાઈની પુણ્ય તિથિ નિમિત્તે	કલોલ
૧૫૧-૦૦	શ્રી લાલભાઈ પરસોત્તમદાસ પટેલ અમેરિકા યાત્રા નિમિત્તે	કલોલ
૧૦૦-૦૦	શ્રી ધર્માભાઈ પરસોતમભાઈ પટેલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	ડાંગરવા
૧૧૧-૦૦	શ્રી કેશવલાલ રામદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કુકરવાડા (મીરાપુરા)
૨૦૧-૦૦	શ્રી મગનલાલ રામદાસ પટેલ ચિ. પુત્રી ચંદ્રિકાબેનના સ્મરણાર્થે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી ભૂમિકાબેન ગોવિંદભાઈ કાછીયા નોકરી મળવા નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી કા. રૂપેશભાઈ ઘનશ્યામભાઈ સ્કુલમાં નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી અલ્પેશભાઈ કિરીટભાઈ સોની નવો ફ્લેટ લીધો તે નિમિત્તે	આદિપુર
૧૦૦-૦૦	શ્રી શાંતાબેન બી મીરાણી ગુરુ પૂર્ણિમા નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી જગદીશચંદ્ર મણીલાલ કાછીયા ચિ. આશિષભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	

૧૦૧-૦૦	શ્રી ભરતભાઈ કનૈયાલાલ ચૌહાણ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કિરણભાઈ શૈલેષભાઈ નાથાભાઈ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	મોખાસણ
૧૧૧-૦૦	શ્રી સોહિલભાઈ સુરેશભાઈ પટેલ અમેરિકા ગયા તે નિમિત્તે	મિરોલી (અમદાવાદ)
૧૦૧-૦૦	શ્રી નટવરભાઈ બબલદાસ પટેલ નોકરીમાં પ્રમોશન મળ્યું તે નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી પુષ્પાબેન અમૃતલાલ મકવાણા છપૈયાની યાત્રા નિમિત્તે	પૂના
૧૦૧-૦૦	શ્રી ભોગીલાલ ડાહ્યાભાઈ ભાવસાર નવી ટવેરા ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કાંતિલાલ શંકરદાસ પટેલ ના સ્મરણાર્થે	મારૂસણા
૨૫૧-૦૦	શ્રી રાકેશકુમાર બાબુલાલ પટેલ યશના જન્મ દિન નિમિત્તે	મોટપ
૧૦૧-૦૦	શ્રી વેદાંત પિયુષ પટેલ જન્મદિન નિમિત્તે	ભાયંદર
૧૦૧-૦૦	શ્રી ભૂપેન્દ્ર જંયતીલાલ પટેલ નવી રિક્ષા લીધી તે નિમિત્તે	ડાંગરવા વાળા
૧૧૧-૦૦	શ્રી અતુલભાઈ પરસોતમભાઈ દેસાઈ ચાંદલા પ્રસંગે	મોટી કુકાવાવ
૧૦૦-૦૦	શ્રી વિપુલકુમાર પ્રભુદાસ પટેલ નવીન કારખાના નિમિત્તે	સોજા
૧૫૧-૦૦	અ. નિ. કોકિલાબેન રમેશભાઈ પટેલના સ્મરણાર્થે	વહેલાલ
૧૦૧-૦૦	શ્રી કિરીટકુમાર ઈશ્વરભાઈ પટેલ નવું બાઈક લીધું તે નિમિત્તે	માણેકપુર
૧૦૧-૦૦	શ્રી હર્ષકુમાર રાજેશભાઈ વરૂ પ્રાતઃપૂજા લીધી તે નિમિત્તે	(જીરાગઢવાળા) સેટેલાઈટ
૧૦૧-૦૦	શ્રી દર્શનકુમાર રાજેશભાઈ વરૂ શ્રીજી પ્રસન્નાર્થે	(જીરાગઢવાળા) સેટેલાઈટ
૧૦૧-૦૦	શ્રી તુષારભાઈ મીસ્ત્રી નોકરી મળી તે નિમિત્તે	ઈટાદરા
૧૦૦-૦૦	શ્રી કા. પ. બ્રિજેશભાઈ મહેશભાઈ મકાન લીધું તે નિમિત્તે	કઠલાલ
૧૦૦-૦૦	શ્રી સોમાભાઈ લખુદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વિહાર
૧૦૧-૦૦	શ્રી અનિલકુમાર કાંતિલાલ પટેલ તેમના પૌત્રના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	ડો. બી. એમ. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	કુકડીયા
૧૦૧-૦૦	શ્રી મુકુન્દભાઈ જીવણભાઈ પટેલ નોકરી મળી અને બાઈક લીધું તે નિમિત્તે	સોજા
૧૦૦-૦૦	શ્રી અમૃતભાઈ એન. પ્રજાપતિ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	ખેડા
૧૫૧-૦૦	શ્રી વિનોદચંદ્ર ચંદુલાલ મોદી નવો બંગલો લીધો તે નિમિત્તે	અમદાવાદ
૧૫૦-૦૦	શ્રી મગનલાલ કાનદાસ ત્રિકમદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ડાંગરવા
૧૦૦-૦૦	શ્રી ત્રિભોવનદાસ માધવદાસ પટેલ ના સ્મરણાર્થે	સાંકાપુરા
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ એમ. મીસ્ત્રી મશીન નવું લાવ્યા તે નિમિત્તે	બાકરપુર વિસનગર
૧૦૧-૦૦	શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	લાલોડા
૧૨૧-૦૦	શ્રી કાંતિલાલ પી. પટેલ ચિ. કિંજલના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હરેશ અમૃતભાઈ પટેલ બી. ઈ. મિકેનીકલ ડિસ્ટીકંશન સાથે પાસ કરી તે નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦	શ્રી સેજલબેન દશરથભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઘમીજ
૧૦૧-૦૦	શ્રી કેતનકુમાર બાબુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ
૧૦૧-૦૦	શ્રી અશોકભાઈ સોમાભાઈ દરજી ચિ. મેધાને P.T.C.માં પ્રવેશ નિમિત્તે	ધનસુરા
૧૦૧-૦૦	શ્રી વાડીલાલ મનજીભાઈ પટેલ ચિ. કૃષ્ણકુમારને કણભા ગુરૂકુળમાં ભણવા મુક્યો તે નિમિત્તે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી હિતેશકુમાર રમેશભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	ભંડારીયા-અમરેલી
૨૦૧-૦૦	શ્રી વિનુભાઈ કલ્યાણભાઈ પટેલ તેમના પિતાશ્રીના સ્મરણાર્થે	
૧૦૦-૦૦	શ્રી જિજ્ઞેશભાઈ જંયતિલાલ મોદી સરકારી નોકરી મળી તે નિમિત્તે	હિંમતનગર
૧૦૦-૦૦	શ્રી કૃપેનકુમાર કમલેશભાઈ અમીન U.S.A. અભ્યાસાર્થે વિઝા મળ્યા તે નિમિત્તે	(ચલોડાવાળા) નરોડા
૧૦૧-૦૦	શ્રી ધ્રુવેશ અશ્વિનભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી પ્રવિણભાઈ જાદવજીભાઈ પટેલ વેગન આર ગાડી લાવ્યા તે નિમિત્તે	ધરમપુર
૧૦૧-૦૦	શ્રી ઉલ્લાસબા લખુભા ચુડાસમા અ.સૌ. પુત્રવધુ કાજલબાની તબીયત સારી થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી ધીરજભાઈ છગનલાલ ચૌહાણ ફલેટમાં વાસ્તુ પ્રસંગે	અમદાવાદ
૧૨૫-૦૦	શ્રી મનીષા જીતેન્દ્ર વડોદરીયા લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૨૫-૦૦	શ્રી સંજીવ કપિલ જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી ભરતભાઈ બાબુલાલ મોદી નવું મકાન લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી માહિર વિક્રમભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦	શ્રી ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦	પ્રો. જગદીશભાઈ ચિમનભાઈ ચિ. જલ્પાની પુત્રી પરિના જન્મ પ્રસંગે (અમેરિકા)	ગામડીવાળા
૧૦૧-૦૦	પ્રો. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ ચિ. હાર્દિકને બેંગ્લોર ફાર્મસીમાં પ્રવેશ મળ્યો તે નિમિત્તે	ગામડીવાળા

૩૨ ❋❋❋

આપણા વિવિધ મંદિરોમાં
શ્રાવણમાસમાં હિંડોળા દર્શન




અમદાવાદ મંદિર



જેતલપુર મંદિર




ગાંધીનગર સે.૨૩ મંદિર



સહજાનંદ મંદિર

વિહાર મંદિર (બહેનોનું)
મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે
અન્નકૂટ આરતી ઉતારતા
પ.પૂ. મહારાજશ્રી






વિહારમાં શોભાયાત્રામાં દર્શન આપતા
પ.પૂ. મહારાજશ્રી





વિહાર મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે
સભામાં લાભ લેતા હરિભક્તો



ભચાઉ (કચ્છ) મંદિર


ગુજરાતમાં અતિવૃષ્ટિથી પ્રભાવિત લોકો માટે
આપણા કાલુપુર મંદિર દ્વારા ફુડ પેકેટની તૈયારી.






SHREE SWAMINARAYAN

REG. NO. G.A.M.C. 003 Valid up to December 2008
permitted to Post AHME.P.S.O. On 11th of Every Month



કોલોનિયા મંદિર પ્રથમ પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા
પ.પૂ. મહારાજશ્રી



કોલોનિયા પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા
પ.પૂ. મહારાજશ્રી



સ્ટેનમોર મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી
નૂતન ભુજ મંદિરના ઉપ મહંત સ્વામી ધર્મનંદનદાસજી
તથા ભુજ મંદિરના ઉપ મહંત સ્વામી ધર્મનંદનદાસજી



હ્યુસ્ટન ખાતે ૧૫મી ઓગષ્ટે હજારો ભારતીયો સમક્ષ ધ્વજવંદન કરતા આપણા પૂ. મહારાજશ્રી



બોસ્ટન મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ભવ્ય શોભાયાત્રામાં
દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી અને સંતો



ગેટવિક ખાતે રંગોત્સવ દરમ્યાન હરિભકતો સાથે
રંગે રમતાં પૂ. મહારાજશ્રી

Praful Kharsa